સુવિચાર
શાંતિ હોય તો સમૃદ્ધિ આવે. અશાંતિ હોય તો સદા અજંપો અને અંધાધુંધી જ રહેવાની
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૪/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ ચૈત્ર સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૧૦

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર.... રાહત દરે
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ઝેરીદવા - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## ગામજનોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને પગલા લેવા કરી માંગ

# ધારીમાં પિતા-પુત્રની જોહુકમી સામે રોષની આંધી

**નવી વસાહતમાં રહેતાં એક યુવકનાં વર્તનથી મહિલાઓમાં નારાજગીનો માહોલ**

**યુવક નશાની અવસ્થામાં મહિલાઓની છેડતી કરતો હોવાની રજૂઆત**

**પિતાનાં પ્રોત્સાહનથી યુવક ગામમાં અરાજકતા ફેલાવતો હોય પિતા-પુત્રની પાસા હેઠળ અટકાયત કરવા માંગ**

**જો કાયદેસરની કાર્યવાહી ન થાય તો લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી**



અમરેલી, તા. ૨૦

ધારીનાં નવી વસાહતમાં રહેતો એક યુવક તેમના પિતાનાં પ્રોત્સાહનથી નશો કરીને મહિલાઓની છેડતી કરી બિભત્સ માંગણી કરી નિર્લજ હુમલાઓ કરતો હોય આજે ગામની મહિલાઓ અને અમુક જાગૃત નાગરિકોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને પિતા-પુત્રની પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરવાની માંગ કરી છે. અન્યથા લોકસભાની ચૂંટણીનાં બહિષ્કારની ચીમકી આપી છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ધારીના નવી વસાહતમાં વસવાટ કરતા એક પિતા તેમનું સામ્રાજ્ય સ્થાપવા તેમના દીકરા મારફતે શહેરમાં અરાજકતા ફેલાવે છે. તેમના દીકરાને ઉશ્કેરી પ્રેરી નશામાં ધૂત કરી ગામમાં ધમાલ ધાંધલ કરાવે છે, આ પુત્ર બેરોજગાર છે, સતત નશામાં રહે છે, નશો કરી શહેરમાં આતંકવાદીની જેમ ગમે તેના ઉપર તૂટી પડે છે. મહિલાઓ પાસે બિભત્સ માંગણીઓ કરી શારીરિક અડપલાઓ કરે છે, શાળા-કોલેજ જતી બેન-દીકરીઓ આનાથી ફફડે છે.

વધુમાં જણાવેલ છે કે, પુર ઝડપે ગાડી ચલાવી નાસી જતા આ

અનુસંધાન પાના ૬ ઉપર

## તેમની મમ્મીએ ઘરકામ બાબતે ઠપકો આપ્યો

# ધારીનાં સોઢાપરા ગામની તરૂણીએ ઘરકામ બાબતે ઝેરી દવા પી લીધી

**અનાજમાં નાખવાનાં ઝેરી ટીકડા પી અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૨૦

ધારી તાલુકાના સોઢાપરા ગામે રહેતી દયાબેન ઉર્ફે દિવ્યાબેન મથુરભાઈ કુકવાવા નામની ૧૭ વર્ષિય તરૂણીને તેણીના મમ્મી રેખાબેને તેણીને ઘરનું કામ કરવા માટે ખીજાઈને ઠપકો આપેલ હોય. જેથી તરૂણીને સારૂ ન લાગતા મનમાં લાગી આવતા તા. ૧૯ના સાંજે ૫ વાગ્યે સોઢાપરા ગામે પોતે પોતાની મેળે અનાજમાં નાખવાની ઝેરી દવા પી જતા તરૂણી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## લલચાવી-ફોસલાવીને કરાયું અપહરણ

# દામનગરમાં રહેતી એક સગીરાને પૂંજાપાદર ગામનો યુવક ભગાડી ગયો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૦

દામનગર ગામે રહેતી એક ૧૪ વર્ષ ૫ માસ વાળી સગીરાને મોટા લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે રહેતા વિપુલ વિનુભાઈ ગોહીલ નામનો આરોપી તા. ૧૯ ના શરૂ રાત્રીના બે વાગ્યાથી સવારના છ વાગ્યાના કોઈપણ સમયગાળા દરમ્યાન દામનગર ગામેથી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

સૌરાષ્ટ્રના સિનીયર
ડો. ડબાવાલા સાહેબ
ફેફસાના નિષ્ણાંત
આજથી નિયમીત મળી શકશે
અમરેલી. ✆ ૨૨૩૦૧૫ (૧૯૮૦ થી)

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
શું આપને ઉદાસી રહે છે ? રડવું આવે છે ?
ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
ક્લિનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

## ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ઉમેદવારીપત્રક મામલે ગરમાગરમી

# અમરેલીનાં કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમરે રજૂ કરેલ સોગંદનામામાં અમૂક હકીકત છુપાવી હોવાની રજૂઆત

**જો કે પૂર્વ સાંસદ અને ડમી ઉમેદવાર વિરજી ઠુંમરે ભાજપની ઝાટકણી કાઢી**

અમરેલી, તા. ૨૦

અમરેલી લોકસભા ચૂંટણીના આજે ફોર્મ ચકાસણીના સમયે નાટકીય વળાંક આવ્યો હોય તેમ જેનીબેન ઠુમ્મરે સોગંદનામામાં વિગતો છુપાવી હોય અને એલ.આઈ.સી.માંથી જેનીબેન ઠુમ્મરના પતિએ લીધેલ લોન અને અમરેલીના ચિતલ રોડની એક દુકાન અંગે હક્કિત છૂપાવી હોવાની ફરિયાદ અમરેલી ભાજપના લીગલ સેલ દ્વારા ફોર્મ ચકાસણીમાં મુદ્દો ઉઠાવતા અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરનું ફોર્મ રદ કરવાનો મામલો ઉભો થવા પામેલ હતો. જેમાં ભાજપ લીગલ સેલ દ્વારા જેનીબેન ઠુમ્મરે સોગંદનામાં ખોટી વિગતો દર્શાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો અને જવાબ રજૂ કરવા ૪ વાગ્યા સુધીની અલ્ટિમેટ આપવામાં આવ્યું હતું અને આજે ૪ વાગ્યે કોંગ્રેસના ડમી ઉમેદવાર વિરજીભાઈ ઠુમ્મરે કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે વેંચી નાખેલ મિલ્કતનું એનેકસ રજૂ કર્યુ હતું. ત્યારે ભાજપ લીગલ સેલના એડવોકેટ દ્વારા કાયદાકીય પ્રોસિજરમાં હાઈકોર્ટના વકીલો બોલાવીને જેનીબેનનું ફોર્મ રદ કરવા રવિવારે સવારે ૧૦ કલાકની મુદત ચૂંટણી અધિકારીએ આપી હોવાનું જણાવ્યું હતું.

કોંગ્રેસના વિરજીભાઈ ઠુમ્મરે કલેકટર ઓફિસમાંથી બહાર આવીને ભાજપ સામે સણસણતા આક્ષેપો કર્યા હતા. જેમાં હાર ભાળી ગયેલ ભાજપ દ્વારા સત્તાના જોરે કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ કરવાનું પ્રેસર કરવામાં આવે છે. જયારે ચિતલ રોડ પર દુકાન વેચી એનો એનેકસ અને દસ્તાવેજ રજુ કર્યો છે. તો કોંગ્રેસના ડમી ઉમેદવારનો પણ ભાજપ વિરોધ કરે છે. જયારે આજે જેનીબેન ઠુમ્મર મહુવાના પ્રવાસે હોય તેની મુદત ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં ના આવી. પણ ભાજપ દ્વારા હાઈકોર્ટના વકીલો બોલાવવા માટે ચૂંટણી તંત્રે આવતીકાલે સવારે ૧૦ વાગ્યા સુધી મુદત આપી. તે સત્તાના જોરે આ બધું કરતી હોવાનો આક્ષેપ વિરજીભાઈ ઠુમ્મરે કર્યો હતો અને આ લોકસભાની ચૂંટણી ભાજપ ૨ લાખ મતે હારી રહી છે માટે આવા પ્રયાસો કરવામાં આવે છે તેવું વિરજી ઠુમ્મરે જણાવ્યું હતુ. જયારે જેનીબેન ઠુમ્મર સામે આચારસંહિતા ભંગ અંગે ૧ કલાકમાં જવાબ આપવાનો ચૂંટણી પંચના નિર્ણય સામે એફીડેવિડ કરશું તેવું પણ વિરજી ઠુમ્મરે જણાવ્યું હતું.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
66,400/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
✆ 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
NATRAJ Gharelu Aatachakki
ફૂલ્લી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૨૮૪ ૫૯૫૪૭

## લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ–અમરેલી દ્વારા સુંદર આયોજન

# અમરેલીમાં જૂના પુસ્તક ફેર બદલી મેળાથી વિદ્યાર્થીઓને ફાયદો

**અભ્યાસ દિનપ્રતિદિન અતિ ખર્ચાળ અને મોંઘો બનતો હોય ટ્રસ્ટનાં આગેવાનોએ પ્રેરણાદાયી સેવાકાર્ય શરૂ કર્યુ**

**જૂના પુસ્તકોને પસ્તીમાં ન આપીને ટ્રસ્ટની કચેરીએ જમા કરાવીને આગળનાં અભ્યાસ માટે પુસ્તકો લઈ જવા અનુરોધ**

**ટ્રસ્ટ દ્વારા વેવિશાળ પરિચય કેન્દ્ર, સમૂહ લગ્નોત્સવ સહિતની અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક ચાલે છે**

**સમાજનાં જરૂરિયાતમંદ પરિવારોને સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ લેવા અનુરોધ થયો**

અમરેલી, તા. ૨૦

આજના મુડીવાદનાં માહોલમાં મોંઘવારી અને બેરોજગારીમાં સતત વધારો થઈ રહ્યો હોય આજે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. શિક્ષણ, લગ્ન જેવા પ્રસંગો અતિ ખર્ચાળ બની રહ્યા છે. તેવા જ સમયે અમરેલી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ ધ્વારા અનેરી સેવા પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

વર્તમાન સમયમાં બાળકોનો અભ્યાસ દિનપ્રતિદિન ખર્ચાળ અને મોંઘો બનતો જાય છે. શાળામાં પરિણામ આવી ગયા બાદ ૩ થી ૫ હજારની કિંમતનાં પુસ્તકો ૫ થી ૭ રૂપિયા કિલોનાં ભાવે પસ્તીમાં આપી દેતા હોય છે તો ઘણા વાલીઓને પુસ્તકો ખરીદવું પોસાતું નથી. જેથી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ ધ્વારા બાળકોનાં પુસ્તક, નવનીત, અપેક્ષિત, ડીક્ષનરી, શબ્દકોશ જેવા ઉપયોગી પુસ્તકો ટ્રસ્ટની કચેરીએ જમા કરાવીને આગળનાં અભ્યાસ માટે ઉપયોગી પુસ્તક લઈ જવા વાલીઓને અનુરોધ કરવામાં આવેલ છે.

તદુઉપરાંત લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ ધ્વારા વેવિશાળ પરિચય કેન્દ્રનું પણ સુંદર રીતે સંચાલન કરવામાં આવી રહ્યું છે. સમાજનાં યુવક/યુવતીઓને યોગ્ય પાત્ર મળી રહે તે હેતુથી ટ્રસ્ટની કચેરીએથી બાયોડેટા નમૂનાનું ફોર્મ મેળવી અને ભરીને જમા કરાવવા અને મહિનાનાં ઉજા રવિવારે સવારે ૯ થી બપોરનાં ૧૨ સુધી યુવક–યુવતી અને તેમનાં પરિવારજનો વચ્ચે પરિચય મેળો પણ યોજાશે અને સમાજનાં આગેવાનો તેમના મદદરૂપ બનશે.

તદુઉપરાંત ટ્રસ્ટ ધ્વારા સમૂહ લગ્નોત્સવ, તેમજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન અને ધાર્મિક અને સામાજિક કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. આ કાર્યમાં લેઉવા પટેલ સમાજનાં આગેવાનો દિવસ–રાત જહેમત ઉઠાવી રહ્યા છે.

## અમરેલી જિલ્લા સ્વનિર્ભય શાળા સંચાલક મંડળના પ્રમુખ અને ''નિત્યમ વિદ્યા સંકુલ'' ના સ્થાપક ચેરમેન, યુવા કેળવણીકાર હસમુખ પટેલનો આજે જન્મ દિવસ



અમરેલી, તા. ૨૦

અમરેલીના આંગણે ઉજજવળ શૈક્ષણિક અધ્યાપન એને વ્યવસ્થાપન ક્ષેત્રે ઝળહળતી સફળ તાના શિખરો સર કરનાર અનેક સામાજિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રેરક અને માર્ગદર્શક ઉમદા વ્યકિતત્વ અને મહેનતથી જીવનમાં સફળતાઓનાં સોપાનો પ્રાપ્ત કરનાર હસમુખ પટેલનો જન્મદિવસ.

શિક્ષણ, સમાજ, રાષ્ટ્ર અને યુવાનોને સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપી જીવનના દરેક ક્ષેત્રે આગળ વધવાની ચાવી અર્પીને મહેનતનાં આકાશમાં દીપ બનનાર તેમજ ''નિત્યમ સંકુલ''સ્થાપના થકી અમરેલીની શિક્ષણપ્રેમી જનતાના દિલમાં આગવુ સ્થાન મેળ વનાર હસમુખ પટેલના જન્મદિનને વધાવવા સર્વે અમરેલી વાસીઓ, શુભેચ્છકો, મિત્રો, સ્નેહીઓ ગૌરવ અને પ્રસન્નતા અનુભવે છે.

ગીરની ગોદમાં આવેલ ભોજદે ગામમાં જન્મ ઉછેર તેમજ સોરઠની ધીંગી ધરા જુનાગઢમાં શૈક્ષણિક કારકિર્દી મેળવી રાજકીય, સામાજિક ક્ષેત્રે હમેંશા અગ્રણી ભૂમિકા ભજવી અમરવલ્લીમાં આશરે ૧૫ વર્ષથી શિક્ષણક્ષેત્રે ઉમદા ફરજ બજાવનાર અને શિક્ષણ, સંસ્કાર દ્વારા વિદ્યાથીઓના હદયમાં કાયમી સ્થાન મેળવી આજે નિત્યમ વિદ્યા સંકુલ દ્વારા શહેર તથા ગામડાના વિદ્યાથીઓની શારીરિક, માનસિક, બૌધ્ધિક અને સર્જનાત્મક ક્ષેત્રે દોરી જવા તત્પર હસમુખ પટેલનો આજે જન્મદિવસે શુભેચ્છકો દ્વારા તેમના ૯૪૨૯૨ ૧૫૬૬૪ નંબર પર અભિનંદની વર્ષા થઈ રહી છે.

## અમરેલીનાં પ્રમુખ સ્વામીનગરમાં રામનવમીની આસ્થાભેર ઉજવણી



અમરેલી, તા. ૨૦

અમરેલી ના લાઠી રોડ પર આવેલ પ્રમુખસ્વામી નગર ખાતે પાંડવ ચોકમાં શ્રીરામ યુવક મંડળ દ્વારા શ્રીરામ નવમી ના શુભ પર્વ નિમિતે હનુમાન ચાલીસા ના પાઠ તેમજ રામ ધૂન નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સોસાયટીના ભાવિક ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા તેમજ રામ મય માહોલ બની ગયો હતો ચિત્તલ ની ધૂન મંડળી એ લોકોને શ્રી રામ ધૂનની રમજટ બોલાવી હતી.

### જાગૃત નાગરિકે મામલતદારને પત્ર પાઠવ્યો

## રાજુલા : વિદ્યાર્થીઓને ક્રિમીલેયર સર્ટીફીકેટ આપવાની પધ્ધતિમાં સરળતા કરવા માંગ

**વિદ્યાર્થીઓનાં વાલીઓ પાસે ખોટા ખર્ચ બંધ કરાવો**

રાજુલા, તા. ૨૦

રાજુલા શહેરના સામાજિક કાર્યકર રસુલભાઈએ મામલતદારને એક અરજી લખી છે જેમાં હાલમાં સરકારની વિવિધ સરકારી ભરતીના કામે વિદ્યાર્થીઓને નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ ની જરૂરીયાત પડતી હોય છે જેમાં વિદ્યાર્થીઓ જરૂરી કાગળો તથા નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ કઢાવવા જાય છે ત્યારે કોઈ પણ વ્યકિતને એક કરતા વધુ સંતાનો ના નોન ક્રિમીલેયર કઢાવવાના હોય ત્યારે મામલતદાર કચેરીમાં અલગ અલગ સોગંદનામાઓ ની ફરજ પાડે છે જયારે સોગંદનામું કરનાર વ્યકિત વાલી તરીકે તેમના એક કરતા વધુ સંતાનોના નામ સોગંદનામા માં ઉલ્લેખ કરે છે ત્યારે વાલી પાસે તેમના સંતાનો ના અલગ અલગ સોગંદનામા આપવા એવી ફરજ પાડે છે જેથી ગરીબ અને મધ્યમ વર્ગના માણસોને સ્ટેમ્પ પેપર અન્ય વધારાના ખર્ચનો ભાર ખમવો પડે છે. અને આ અગાઉ વિદ્યાર્થીઓને નોનક્રિમીલેયર સર્ટીફીકેટ મેળવવા એક જ સોગંદનામામાં એક કરતા વધુ સંતાનોના નામ લખી અને નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ મેળવતા હતા તો હવે પછી વાલીઓ તથા વિદ્યાર્થીઓ પાસે અલગ અલગ સોગંદનામા માંગવામાં આવે છે. અને તાલુકા વિકાસ અધિકારી હેઠળ આવતા ગામડાઓ ના વિદ્યાર્થીઓના નોન ક્રિમીલેયર કઢાવવા હોય તો વાલી તરફેનુ એક કરતા વધુ સંતાનોના નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ માટે એક જ સોગંદનામુ જેમા એક ઓરીજનલ સોગંદનામું તેમજ સોગંદનામાની એક ઝેરોક્ષ નકલ ઉપર નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ કાઢી આપવામાં આવે છે તો રાજુલા શહેર તેમજ મામલતદાર કચેરી હેઠળ આવતા ગામડાઓ ના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ નામના સોગંદનામાઓની કેમ ફરજ પાડવામાં આવે છે. તો આ બાબતે અરજદારો હેરાન ન થાય તે માટે યોગ્ય ઘટતું કરવાની માંગણી દ્વારા કરવામાં આવેલ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

## પીઠવડી ખાતે પિતૃઓનાં મોક્ષાર્થે શ્રીમદ્‌ ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાશે

**નાના એવા ગામમાં ભકિતનો માહોલ છવાયો**



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામ ખાતે સમસ્ત બાળધા પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષર્થે આગામી તા. ૨૯/૦૪ સોમવાર ચૈત્ર વદ પાંચમ થી ૦૫/૦૫ રવિવાર ચૈત્ર વદ બારસ સુધી દરરોજ સવારે ૯ થી ૧૧:૩૦ અને બપોરે ૪ થી ૬:૩૦ સુધી શ્રીમદ્‌ ભાગવત જ્ઞાનયજ્ઞ ભાગવત સપ્તાહ યોજાશે આ સંગીતમય શૈલીમાં શ્રીમદ્‌ ભાગવત જ્ઞાનયજ્ઞ ભાગવત પારાયણ કથાનું પૂજય શાસ્ત્રીશ્રી શરદભાઈ વ્યાસ ધરમપુર વાળ ારસપાન કરાવશે આ તકે શ્રીપંચદશનામ જુના અખાડાના મહામંડલેર અનંત વિભૂષિત પૂજય જય અંબાનંદ ગીરીજી આશિવર્ચન પાઠવવા ઉપસ્થિત રહેશે તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના ભાવિ આચાર્ય નુગેન્દ્રપ્રસાદ મહારાજ ના હસ્તે હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવશે શ્રીમદ્‌ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ અંતર્ગત મર્યાદા પુઢષોત્તમ ભગવાન શ્રીરામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ નંદ મહોત્સવ, ગોવર્ધન મહોત્સવ, રૂકમણી વિવાહ વગરે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે તેમજ કથા દરમિયાન સાત દિવસ સુધી પૂજય ભાનુપ્રકાશ સ્વામી ગઢડા ટેમ્પલ બોર્ડ, એસ.પી.સ્વામી, શાસ્ત્રી નિર્લેપ સ્વામી બોરસદ, શાસ્ત્રી હરજીવનદાસજી સ્વામી ચેરમેન ગઢડા, પૂજય વિજયબાપુ સતાધાર, નારાયણદાસ સાહેબ કબીર ટેકરી, ભક્તિરામ બાપુ માનવ મંદિર, મહામંડલેશ્વર કર્ણીરામ બાપુ દુધરેજ, પૂજય કરસનદાસબાપુ પરબધામ, મહામંડલેશ્વર હરિહરાનંદ ભારથી બાપુ ભારથી આશ્રમ જૂનાગઢ, મહામંડલેશ્વર નિર્મલાબા તેમજ ભયલુબાપુ પાળીયાદ, વગેરે સમગ્ર ભારતભર માંથી સંતો મહંતો અને મહામંડલેશ્વરો તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉપસ્થિત રહેશે.

આ શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ દિવાળી બા હાઈસ્કૂલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, રાસગરબા, સંગીત સંધ્યા, સંતવાણી, ભજન સંધ્યા, લોકસાહિત્ય, હાસ્ય કાર્યક્રમો યોજાશે જેમાં પીઠવડી, નાના ઝીંઝુડા, મોટા ઝીંઝુડા, પીયાવા, સેંજળ, મેવસા, ધાર, ભેકરા, નાની વડાળ, ગણેશગઢ, ગાધકડા, અમૃતવેલ, મોલડી, સાવરકુંડલા વગેરે ગામો માંથી ધર્મપ્રેમી ભાઈઓ બહેનો કથા શ્રવણ કરવા પધારશે આ શ્રીમદ્‌ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ ની સમસ્ત બાલધા પરિવારના સભ્યો તેમજ વિનુભાઈ બાલધા, જયંતીભાઈ બાલધા, અશોકભાઈ બાલધા, દકુભાઈ બાલધા દ્વારા તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે.

### ખુદાની બંદગી કરવા માટે

## સાવરકુંડલાનાં મુસ્લિમ અગ્રણીઓ ઉમરાહની સફરે

**મોજે મોજ ગ્રુપ દ્વારા સન્માન કરાયું**



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા ના મુસ્લીમ અગ્રણીઓ ઉમરાહની સફરે જતા તેઓનું મોજે મોજ ગ્રુપ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સાવરકુંડલા ના રહીશ અને નિવૃત પોલીસ એએસઆઈ અને મુસ્લિમ સિપાહી જમાતના મેમ્બર યુસુફભાઈ કુરેશી અને મણિનગરમાં રહેતા ચારભાઈ ટ્રાન્સપોર્ટ દ્વારા બાવદિનભાઈ ચૌહાણ (બાલાભાઈ) તા. ૨૬/૪/૨૦૨૪ ના રોજ સાવરકુંડલા થી મક્કા મદીના ઉમરાહની સફરે જતા હોય ત્યારે તેઓનું સાવરકુંડલાનું મોજે મોજ ગ્રુપ દ્વારા ફૂલહાર કરી શાલ ઓઢ ાડી સન્માન કરવા માં આવેલ હતું જેમાં યુસુફભાઈ કુરેશી અને બાવદિનભાઈ ચૌહાણ (બાલાભાઈ) નું મોજે મોજ ગ્રુપ ના તમામ મેમ્બરો એ સન્માન કરેલ હતું.

### સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

## અમરેલી : એસ.એચ. ગજેરા સ્પોર્ટસ સ્કુલનાં ખેલાડીઓની હેન્ડ બોલમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

**સંસ્થાનાં ટ્રસ્ટી મંડળે શુભકામનાઓ પાઠવી**



અમરેલી, તા. ૨૦

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલમાં અભ્યાસ કરતા અને હેન્ડબોલ રમતમાં પ્રશિક્ષણ મેળવતા ખેલાડી વાઘેલા સુર્યદીપ ધોઃ ૮, દુડવે નરેશ ધો : ૫, ચૌહાણ નેવીન ધોઃ ૭, તમગડીયા માનસી ધો : ૬, ઝાપડીયા સુનિતા ધોઃ ૮, મેર રિધ્ધી ધોઃ ૮ ને ૧૭મીની હેન્ડબોલ નેશનલ ચેમ્પિયન શીપમાં, મુંબઈ ખાતે સિલેકશન થયેલ છે. આ ખેલાડીઓને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, હેન્ડબોલ કોચ રવિભાઈ નાવડીયા તેમજ સંસ્થાના તમામ સ્ટાફ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરીને આવે અને ગુજરાત રાજય તેમજ અમરેલી જિલ્લાનુ ગૌરવ વધારે તે માટે શુભકામનાઓ અને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, શાળાના આચાર્યો અને સ્ટાફ ગણ તમામ વિદ્યાર્થીઓને આ ક્ષેત્રે આગળ વધે અને દેશ, રાજય અને જિલ્લાનું નામ રોશન કરે તે માટે પ્રોત્સાહન પુઢં પાડવામાં આવેલ હતું.

# અમરેલી બેઠકનાં કોંગી ઉમેદવાર જેની ઠુંમર લીલીયા ખાતે ઉમિયા માતાજીનાં દર્શનાર્થે











લીલીયા સ્થિત શ્રી ઉમિયા મંદિરના દર્શનાર્થે અમરેલી સંસદીયમ મત વિસ્તાર અમરેલી જિલ્લો–મહુવા–ગારીયાધારના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મર આવ્યા હતા. જયાં તેમણે માં ઉમિયાના દર્શન કરી અને જણાવ્યુ હતું માં ઉમિયા ધૈર્ય અને શકિત બન્ને પ્રદાન કરનાર દેવી છે. ત્યારે દિકરી તરીકે હું માં પાસે આશિર્વાદ લેવા આવી છું આવનાર સમયમાં જે કાંઈ જવાબદારી મારા શિરે આવે તેમાં હું સફળતા પૂર્વક ખરી ઉતરી અને તેમાં લોકો માટે શ્રેષ્ઠ થઈ શકે તેવી કામગીરી કરી શકુ. સાથે જણાવ્યુ હતુ કે સોશ્યલ મીડિયામાં મે અહીંયાની નવરાત્રીની અદભૂત દિપમાળાની ગરબી અને માં ઉમિયા ની આરતી જોઈ છે. તે ખૂબ અદભૂત છે. અને મંદિરની વ્યવસ્થા પણ સુંદર છે. અહીંયા માનસિક શાંતિનો અનુભવ થાય છે. અને અહીંયાની યુવાનોની ટીમ પણ ખૂબ મહેનતુ છે. આ તકે તેમણે લીલીયા–ગોઢાવદર–પુંજાપાદર હાઈવે ચોકમાં તાજેતરમાંજ ૩૦માં પાટોત્સવ નિમીતે માં ઉમિયાની જે દિવ્ય અને આલૈકીક મૂર્તિની સ્થાપના થઈ છે. તેમના પણ દર્શન કર્યા હતા. આ તકે જેનીબેન ઠુમ્મરનું મંદિરની વ્યવસ્થાપક કમિટીના વડીલોએ ખેસ પહેરાવી અને પ્રસાદી આપી હતી. જેનીબેન ઠુમ્મર સાથે આ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, જિલ્લા કોંગ્રેસના મહામંત્રી, નિતીનભાઈ ત્રિવેદી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માળવીયા, કાંતિભાઈ ડુંગરીયા, વિજયભાઈ કોગથીયા, ભુપતભાઈ શેખલીયા, વિજય ભાઈ શેખલીયા, ભીખાભાઈ દેવાણી, નિલેશભાઈ મહેતા, બહાદુરભાઈ બેરા, સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**પ્રકરણ-૧૮૧ વર્ષ ૧૯૬૧**

**પ્રિય વાચક મિત્રો,**

આજે મહાવીર જયંતિ છે, અને આ સપ્તાહમાં ભગવાન શ્રી હનુમાનજીનો જન્મોત્સવ છે, બન્ને તહેવારોની હાર્દિક શુભ કામનાઓ સાથે આજથી હિન્દી સિનેમાના ૧૯૬૧ના વર્ષની ફિલ્મો, નવા કલાકારો, સંગીત કાર, અને અન્ય કલાકારોની વાતની સાથે ૧૯૬૧ની સફળ ફિલ્મોની વાત કરીશું. તે પેહલા ૧૯૬૦ના ફિલ્મ ફેર એવાર્ડની વાત કરીયે. જે ૧૯૬૧માં મુંબઈમાં અપાયા હતા. જે નીચે મુજબ છે. ૮ માં ફિલ્મ ફેર એવાર્ડ જે ૧૯૬૧માં ૧૯૬૦ની પ્રદર્શિત ફિલ્મોને અપાયાં, તેમાં બેસ્ટ ફિલ્મ – – – મોગલે આઝમ.. જેમાં નોમિનેટ ફિલ્મોમાં માસૂમ, અને પરખ રહી હતી. બેસ્ટ નિર્દેશક – બિમલ રોય.. ફિલ્મ પરખ.. નોમિનેટમાં કે આસિફ મોગલે આઝમ માટે, અને કિશોર શાહુ દિલ અપના એર પ્રીત પરાઈ માટે જાહેર થયા હતા. બેસ્ટ એકટર – દિલિપ કુમાર. ફિલ્મ કોહિનૂર માટે જેમાં દેવ આનંદ કા લા બાઝાર અને રાજ કપૂર છિલયા માટે નોમિનેટ થયા હતા. બેસ્ટ એકટ્રેસ – બિનારોય ફિલ્મ ઘુંઘટ માટે અને નોમિનેટ અભિનેત્રીઓ માં, મધુબાલા મોગલે આઝમ, અને નુતન છિલયા માટે હતા. બેસ્ટ સહાયક અભિનેતા – મોતીલાલ ફિલ્મ પરખ માટે, બેસ્ટ સહાયક અભિનેત્રી – નંદા.. ફિલ્મ આંચલ માટે, બેસ્ટ ગીતકાર શકીલ



બદાયુની ફિલ્મ ચોધવી કા ચાંદ અને ગીત ટાઈટલ માટે અપાયો હતો, તો બેસ્ટ સંગીતકાર માટેનો એવાર્ડ ફિલ્મ દિલ અપના એર પ્રીત પરાઈ માટે શંકર જયકિશન જીતી ગયા હતા. બેસ્ટ મેલ સિંગર – રફી સાહબેને ગીત ચૌધવી કા ચાંદ હો.. માટે અને બેસ્ટ ફિમેલ સિંગર લતાજીને ગીત પ્યાર કિયા તો ડરના કયાં અને દિલ અપના એર પ્રીત.. માટે સંયુક્ત રીતે અપાયો હતો. બેસ્ટ કહાની માટે રૂબીસેનને ફિલ્મ માસૂમ માટે, બેસ્ટ સંવાદ માટે અમાન, કમાલ અમરોહી, વજાહત મિર્ઝા અને અહેસાન રીઝવીને ફિલ્મ મોગલે આઝમ માટે, અને બેસ્ટ અડિટિંગ ફિલ્મ કોહીનૂર માટે મુસા મન્સૂરને અપાયો હતો.હવે આજે વાત કરીશું બે દિગ્ગજ સિતારા ની જે ૧૯૬૧ માં હિન્દી સિનેમા માં પ્રવેશ્યા.શશિ કપૂર – શશિ કપૂરનું સાચું નામ બલવીર રાજ પૃથ્વીરાજ કપૂર છે, બલવીરનો જન્મ કોલકાતામાં ૧૮, માર્ચ ૧૯૩૮ના રોજ થયો, તે રાજ કપૂર, શમ્મી કપૂર બાદ ત્રીજા નંબરના પૃથ્વીરાજ કપૂરના પુત્ર છે, તેમણે સ્કૂલનો અભ્યાસ મુંબઈ માં કર્યો, તેઓ સ્કૂલમાં પણ નાટકમાં ભાગ લેતા હતા, આમ તેમને બચપણથી વારસામાં અભિનય પ્રાપ્ત થયો હતો. તેઓ બચપણથી પિતા સાથે થિયેટરમાં જતાં, અને અભિનય કરવાની ઝીદ પણ કરતાં હતા, તેની અભિનય પ્રત્યેની આકાંક્ષા જોઈ પિતાએ તેમને બાળ કલાકારમાં થિયેટરમાં પ્રવેશ આપ્યો, તેઓ પૃથ્વી થિયેટરમાં નાટકોમાં બાળ કલાકારની ભૂમિકા આ નિભાવતા હતા, તેના મોટા ભાઈ રાજ કપૂર હિન્દી સિનેમાના સુપર સ્ટાર અને નિર્માતા નિર્દેશક બની ગયા હતા, તેઓ ધાર્મિક ફિલ્મોમાં નાની ભૂમિકાઓ ભજવતા હતા, ત્યારે ૧૯૪૮માં રાજ કપૂર ફિલ્મ 'આગ'નું નિર્માણ કરી રહ્યા હતા અને બલવીરને તેના પિતાએ શશિ નામ આપ્યું અને રાજ તેમને ફિલ્મ આગમાં બાળ કલાકારરૂપે રૂપેરી પરદે લઈ આવ્યા, ત્યારબાદ તેઓ આવારામાં રાજ કપૂરના બચપણના કિરદારમાં જોવા મળ્યા હતા, શશિ અભ્યાસ સાથે પૃથ્વી થિયેટરના નાટકોમાં કામ




**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

કરતાં રેહતા હતા, રાજ અને શમ્મી હિન્દી સિનેમામાં પગ જમાવી ચૂકયા હતા, અને થિયેટર તેમને પસંદના હતું, ત્યારે પિતા સાથે શશિ થિયેટરમાં વધુ રસ લેતા હતા, તેઓ યુવાનીમાં પ્રવેશી ચૂકયા હતા. ત્યારે, પૃથ્વી રાજના પૃથ્વી થિયેટરમાં બ્રિટનની ખ્યાતનામ નાટક કંપની, શેકસ પિયરના નાટકો ભજવવા ભારત આવી હતી, તેમના સંચાલક મી. કેંડલ પૃથ્વીરાજને મળ્યા અને બન્ને વચ્ચે દોસ્તી થઈ ગઈ, અને પૃથ્વી થિયેટરમાં શેકસ પિયર ના નાટકો રજૂ કરવા તેઓ બન્ને સમંત થયા, પૃથ્વી રાજના પુત્રો રાજ અને શમ્મીને થિયેટર પ્રત્યે લગાવના હોવાથી પૃથ્વી રાજે મી. કેંડલને શશિને શેકસ પિયરના નાટકોમાં પાત્ર આપવા મી. કેંડલને ભલામણ કરી, મી.કેંડલ સાથે શશિને સારૂ ફાવી ગયું, ત્યાં તેમની મુલાકાત મી કેંડલની પુત્રી જેનિફર સાથે થઈ, તે એક અભિનેત્રીની સાથે નાટકોનું સંચાલન પણ કરતી હતી. શશિ અને જેનિફર મિત્ર બન્યા અને પ્રેમમાં પણ પડયા, જેનિફર શશિથી વયમાં મોટી હતી, તેઓ જે નાટકો ભજવતા તેમાં જેનિફર શશિની માતાનું પાત્ર ભજવતી હતી, પણ પ્રેમ આંધળો હોય છે, મી. કેંડલ અને પૃથ્વી રાજની મિત્રતા શશિ અને જેનિફરના લગ્નમાં અવરોધના બની અને શશિએ ૧૯૫૮માં જેનિફર સાથે લગ્ન કરી લીધા. ત્યારબાદ પૃથ્વી રાજ એવું ઈચ્છા હતા કે શશિ પણ તેના બન્ને ભાઈની જેમ સંઘર્ષ કરી આગળ આવે, અને શશિને યુવા ભૂમિકા માટે ૧૯૬૧માં બી.આર.ચોપરાના નિર્માણ અને યશ ચોપરાના નિર્દેશનમાં ફિલ્મ ધર્મ પુત્રમાં તક મળી, અભિનેત્રી માલા સિંહાએ આ ફિલ્મમાં શશિની માતાની ભૂમિકા ભજવી હતી, પણ સફળતા હજુ દૂર હતી, ૧૯૬૫માં ફિલ્મ જબ જબ ફૂલ ખીલેથી શશિને સફળતા મળી અને ચાલીશ વર્ષ સુધી તેઓ પ્રથમ ક્રમાંકના અભિનેતા રહ્યા. શશિએ ફિલ્મોનું નિર્માણ પણ કર્યુ જેમાં ૩૬ ચોરઘી લેન, વિજેતા, ઉતસવ અને અભિનેતા અમિતાભ સાથેની અજુબા મુખ્ય રહી, પણ તેમની નિર્માણની ફિલ્મો સફળના રહી. શશિને બે પુત્રો કૃણાલ અને કરણ અને પુત્રી સંજના જેનિફર થી પ્રાપ્ત થયા હતા. જેઓ ફિલ્મી દુનિયામાં વધુ સફળના રહ્યા





તેમને દાદા સાહેબ ફાળકે અને પદ્મ ભૂસણથી સન્માનીત કરાયા છે, આવા મહાન કલાકારની અન્ય વાતો તેમની ફિલ્મો સાથે કરતાં રેહશું, તેઓ ૪ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ અમર થયા.આર.ડી. બર્મન – હિન્દી સિનેમાના મહાન સંગીત કાર અને અભિનેતા રાહુલ દેવ બર્મનનો જન્મ ૨૭ જૂન ૧૯૩૯ના રોજ કોલકાતામાં થયો, તે સચિન દેવ બર્મનના અને માતા મીરાદેવ બર્મનના પુત્ર છે. તેઓ જયારે નાના બાળક હતા, અને રડતાં ત્યારે પાંચ સૂરોનો સંગમ થતો હોય તેવું લાગતું હતું, શાસ્ત્રીય સંગીત માં 'પા'એ મુખ્ય સ્વર છે, અને તેમના પિતા એ રાહુલનું ઉપનામ 'પંચમ'કર્યુ હતું, અને તેઓ પંચમ દા ના નામ થી જાણીતા થયા હતા. તેઓએ શિક્ષા કોલકાતામાં લીધી અને માત્ર ૧૭ વર્ષની વયે ગીત તૈયાર કર્યુ જે પિતા એ ફિલ્મ ફન ટુસ માંસ માવ્યું હતું. મુંબઈમાં રાહુલે ઉસ્તાદ અલી અકબર ખાન પાસેથી તબલા અને અન્ય તાલીમ લીધી, સંગીતકાર સલિલ ચૌધરીને તેઓ ગુરૂ માનતા હતા. તેઓ તેમના પિતાના સહાયકરૂપે પણ કામ કરતાં હતા. તેઓએ તેમના પિતા સાથે ઘણી ફિલ્મોમાં સહાયક તરીખે કામ કર્યું. હે અપના દિલ તો આવારાનું ઓર્ગન તેમણે વગાડયું હતું. તેમની સંગીત કાર તરીખે પેહલી ફિલ્મ છોટે નવાબ હતી, જે મેહમુદે બનાવી હતી, મેહમુદ તે ફિલ્મ માટે એસ ડી બર્મનને સંગીતકાર તરીખે લેવા માંગતા હતા, પણ તેઓ પાસે સમયના હોવાથી પંચમ દાને પ્રથમ ફિલ્મ મળી હતી, ત્યારબાદ મેહમુદ સાથે તેમણે ભૂત બંગલા ફિલ્મમાં કામ કર્યું, જેના ગીતો થોડા લોકપ્રિય રહ્યા, આ બન્ને ફિલ્મોમાં તેમણે નાની ભૂમિકાઓ પણ ભજવી હતી, આર. ડી. એક સંગીત કારોના સમૂહ સાથે ચાલતા હતા, હિન્દી સિનેમામાં સંગીતના શહેનશાહ તેમને કહી શકાય કારણ કે તેઓ ઈલેકટ્રીક રોક, સંગીતમાં લઈ આવ્યા હતા, તેમના સંગીત માં પશ્વિમ અને લેટિન અને અરબી સગીત સાથે શાસ્ત્રીય સંગીતનો સમન્વય થતો હતો, તેઓ એક માત્ર ત્યારે સંગીત કાર હતા, જે ૫૦ થી વધુ વાદ્યો જેમ કે, ગિટાર, સારંગી, સરોદ, સંતૂર, તાર, વાયોલિન, ઈલે ગિટાર, વિબોલા, સેલો, બોંગો, કાંગો, ટક્કર ડ્રમ, બાંગ્લા ડ્રમ જેવા અદ્યતન વાદ્યો સંગીતમાં લઈ આવ્યા જે આજ સુધી કોઈ સંગીતકાર લઈ આવ્યા ના હતા, અને ૧૯૬૬માં તેમને ફિલ્મ તીસરી મંઝિલથી સફળતા મળી, જે ત્યારબાદ ૧૯૮૦ના દસક સુધી અવિરત ચાલુ રહી, તેમણે કિશોર કુમાર, આશાજી અને લતાજી સાથે વધુ કામ કર્યું હતું, તેમણે અંગત જીવનમાં બે લગ્ન કર્યા, રીટા પટેલ જે તેમના સંગીતના ચાહક હતા, તેમની સાથે ના લગ્ન ૧૯૬૬ થી ૧૯૭૧ સુધી ચાલ્યા, અને ૧૯૮૦ માં તેમણે આશા ભોસ્લે સાથે લગ્ન કર્યા, જે તેમના જીવનના અંત સુધી અકબંધ રહ્યા, પણ બન્ને એકબીજા સાથે વધુ સમય પસાર કરી શકયા ના હતા, તેમના અંતિમ સમયમાં તેઓ ખુબજ સંઘર્ષ મય જીવન પસાર કર્યું હતું, પંચમ દા વિષે લખવા જઈએ તો એક બૂક બને. એટલે તેમની સંગીત અને નિઝી જીવનની વાતો તેમની સંગીત યાત્રા સાથે કરતાં રેહશું. તેમને ફિલ્મ ફેર એવાર્ડથી સન્માનીત કરાયા છે,

આવા મહાન સંગીતકાર ૪ જાન્યુઆરી ૧૯૯૪ના રોજ માત્ર ૫૪ વર્ષની વયે અમર થયા.દેવેન વર્મા – દેવેન વર્માએ રાજસ્થાની પિતા અને ગુજરાતી કચ્છી માતાના સંતાન છે, તેમનો જન્મ ૨૩ ઓકટોબર ૧૯૩૭ના રોજ થયો, તેમનું સાચું નામ દેવેનદુ વર્મા છે, ૧૯૬૧ની ફિલ્મ ધર્મ પુત્ર તેમની પ્રથમ ફિલ્મ છે, દેવેન એક સારા કોમેડિયન તરીખે નામના મેળવી હતી. તેઓ ૨૦૦૩ સુધી હિન્દી સિનેમાના સક્રિય રહ્યા છે, તેમણે અશોક કુમારની પુત્રી રૂપા ગાંગુલી સાથે લગ્ન કર્યા હતા. તેઓ ૨ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ અમર થયા.આગામી અંક માં ૧૯૬૧ માં પ્રવેશ કરનાર અભિનેત્રીની થોડી વાત સાથે ફિલ્મોની વાત પણ કરીશું.

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ


## જલપાન (જળમાં મળ નો હોય ) ભાગ-૨



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

ગત સપ્તાહ ના જલપાનમાં આલ્કલાઈન વોટરની આપેલી માહીતી બાદ વાંચક મિત્રોના




આ ખુબજ ફોન અને મેસેજ આવ્યા કે સાહેબ આર.ઓ. નું પાણી સારૂ કે




ખરાબ ? આર.ઓ. વાળુ પાણી પીવું કે નહી ? તો આ સપ્તાહ આપણે આર.ઓ.ની ચર્ચા કરીએ. RO Water આનો ઈતિહાસ જોઈએ, લોસ એન્જેલસ અમેરીકામાં યુનિ. આફ કેલિફોર્નિયા અને યુનિ. ઓફ ફલોરિડામાં દરિયાઇ પાણીને પીવાં લાયક બનાવવાના પ્રયોગો ૧૯૫૦માં થયાં.U.S.ના ફલોરિડા રાજયના ૧૯૭૭ Cape Coral શહેરમાં ૧૯૭૭ માં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રજાને દરિયાઇ પાણીનું શુદ્ધિ કરણ કરી પીવા લાયક બનાવવા સૌ પ્રથમ RO પ્લાન્ટ શરૂ કરેલ, આ પ્લાન્ટમાં શુદ્ધ થતાં પાણીની ક્ષમતા ૧૧.૩૫ ળ 11.35 million liters ની દૈનિક હતી જે વધતી જતી વસ્તીના કારણે ૧૯૮૫ માં ટેકનોલોજી ક્ષેત્રે સુધાર કરી પ્રતિદિન વધારીને ૫૬.૮ Million liters ની થઈ.કહેવાય છે ને કે આવશ્યકતા એ જ આવિષ્કારની જનક હોય છે. ત્યાં પીવાં લાયક પાણીની અછત હોવાથી દરિયાઇ ખારાં પાણીને શુદ્ધ કરી પીવાં લાયક બનાવવા આ RO ની શોધ થયેલ હતી એમાં વપરાતી મેમ્બ્રેન તો છેક ૧૭૪૮ માં Jean- Antoine Nollet પ્રથમ વાર શોધી કાઢેલ હતી.વિશ્વમાં ભારત જએક એવો દેશ છે કે જયાં કુદરતી રીતે પીવાં લાયક પાણીના જળ સ્ત્રોતોની ભરમાર છે. જેને અતિભાવુક પ્રજાએ ધાર્મિક ક્રિયાકાંડોના નામે અંજાઇને અત્યંત દુષિત કરેલ છે.જો કે જયાં નજીકમાં કુદરતી જળસ્ત્રોતો સરળતાથી ઉપલબ્ધ નથી ત્યાં શાસકોએ કલાત્મક પથ્થરની બાંધણી વાળાં તળાવ અને વાવના નિર્માણ પણ કરાવેલ હતાં જેથી પ્રજાને પાણીની અછત ભોગવવી ના પડે... જો કે આજે જાળવણીના અભાવે આવા તળાવ અને વાવ ખંડેર તથા પાણી ઉપયોગમાંના લઈ શકાય એવી સ્થિતિમાં છે.આયુર્વેદ ચિકિત્સા શાસ્ત્રના મૂળ ભૂત ગ્રંથો ચરકસંહિતા ના સૂત્રસ્થાન અધ્યાય ૨૭ માં જળવર્ગ તેમજ સુશ્રુતસંહિતા સૂત્રસ્થાનના અધ્યાય ૪૫ માં પીવાંલાયક પાણી વિષયે વર્ણન કરેલ છે...પીવાંલાયક પાણીનો મૂળભૂત સ્ત્રોત તો વરસાદ એટલે કે આકાશથી ધારાઓ સ્વરૂપે પડતું પાણી જ છે. આ પાણીના પણ બે પ્રકાર હોઈ શકે છે એક છે ગાઈગ જલ અને બીજું છે સમુદ્ર જલ...વરસતાં વરસાદનું પાણીમાં રાંધેલો ભાત ચાંદીના (કાચ કે સ્ટીલના પણ) પાત્રમાં રાખી મૂકવામાં આવે અને જો કિલન્ન ચીકણો અને પચપચના થાય તો એ વરસતું પાણી ગાંગજલ છે અન્યથા સામુદ્ર જલ છે... ગાંગ જલને જમીનથી અદ્ધર ઝીલી વસ્ત્રથી ગાળી સુવર્ણ રજત કે માટીના પાત્રમાં સંગ્રહ કરી આ દિવ્ય જળ પીવાંમાં ઉપયોગ કરી શકાય છે. દિવ્યજળના ગુણકર્મ પાત્રની અપેક્ષા રાખે જ છે...શીત શુચિ

| Level of TDS (milligrams per litre) | Rating |
|---|---|
| Less than 300 | Excellent |
| 300 - 600 | Good |
| 600 - 900 | Fair |
| 900 - 1,200 | Poor |
| Above 1,200 | Unacceptable |

શિવં મૃષ્ટ વિમલ ભધુ ષડગુણં । પ્રકૃત્યા દ્રિવ્ય ઉદ્રકં ભષ્ટ પાત્ર અપેશ્રંતે ॥ વરસાદનું પાણી જે પ્રકારની ભૂમિ પર પડે એ પ્રકારના રસ – સ્વાદ ધરાવતું થાય છે અને એ આકાશાદિ પંચમહાભૂતના ગુણકર્મ આધારીત રહે છે.

**શ્વેતે કષાયં ભવતિ.**
**પાણ્ડુરે ચૈય તિતમ્ ।**
**કપિલે ક્ષારં સંસષ્ટ.**
**ઉષરે લવણાન્ચિતમ્ ॥**
**કટુ પર્વતવિસ્તારે.**
**મધુર કૃષ્ણમૃતિકે ।**
**એતત્ ષાડગુણ્ય આખ્યાતં,**
**મહીસ્થસ્ય જલસ્ય તુ ॥**

સુશ્રુતમાં પીવાંલાયક પાણીના ચાર સ્ત્રોત બતાવેલ છે જેમાં 'ધારા અને કારક કરાં એ વરસતાં વરસાદથી, હિમ– ગ્લેશીયર પીગળવાથી, અને તુષાર એટલે કે ઋતુપ્રભાવથી જે ઝાકળ સ્વરૂપે જળ મળે છે એ...આ ચાર સિવાય ભૂમિ પરથી જે જળસ્ત્રોત મળે છે એ જેના ગુણકર્મ જણાવતાં લખેલ છે કે, નદીનું પાણી વાયુકારક, રૂક્ષ, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, લઘુ – હલકુ અને કફ તથા મેદ – ચરબીનું લેખન કરનાર એટલે તેને ખોતરી કાઢ નાર હોય છે; પરંતુ એ જ નદીનું જળ મધુર તથા ઘાટું હોય તો ગુરૂ – ભારે હોય છે અને અભિષ્યંદી કે રસવાહી નાડીઓને તે રૂંધવનાર – રોકનાર હોઈ, કકારક હોય છે. સરોવરનું પાણી તરશનો નાશ કરનાર, બળ વર્ધક, કષાય – તૂરા રસ યુક્ત, મધુર તથા લઘુ – પચ વામાં હલકું હોય છે. તળાવનું પાણી વાયુને ઉત્પન્ન કરનાર, મધુર, કષાયરસથી યુક્ત અને વિપાકે કટુ / તીખું હોય છે. વાવનું પાણી વાયુનો તથા કફનો નાશ કરનાર, ક્ષારથી યુક્ત હોઈ પિત્તને વધારનાર તથા કટુ / તીખુ હોય છે. કૂવાંનું પાણી પણ ક્ષારથી યુક્ત હોઈ પિત્ત કરનાર, કફનો નાશ કરનાર અને વધુ હલકું હોઈ જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર હોય છે, ચણતરથી બાંધેલો ના હોય એવો એટલે કે કુદરતી રીતે બનેલા કૂવાનું પાણી જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, રૂક્ષ તથા મધુર હોઈ કફને કરતું નથી. ઝરણાંનું પાણી લઘુ હોઈ કફનો નાશ કરનાર, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, હૃદયને પ્રિય તથા હિતકારી હોય છે. જમીન ફોડીને ઊછળીને




આવતું જળ મધુર હોઈ પિત્તને શમાવનાર અને દાહ કરનાર હોતું નથી. વીરડાનું પાણી કટુ તીખાશ સાથે ક્ષારથી યુક્ત હાઈ કફનો નાશ કરનાર, લઘુ અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર હોય છે. કયારાનું પાણી મધુર હોઈ વિપાકે ગુરૂ / ભારે અને દોષ વર્ધક કહેવાય છે, તે જ પ્રમાણે ખાબોચિયાંનું પાણી વધુ પ્રમાણમાં દોષને કરનાર હોય છે. સમુદ્રનું પાણી ખરાબ ગંધવાળુ અને લવણ / ખારૂં હોઈ સર્વ દોષોને કરનાર હોય છે. આનૂપ / જલપ્રાય પ્રદેશનું પાણી અભિષ્યંદી તથા અનેક દોષોથી યુક્ત હોઈ નિંદિત ગણાય છે. પરતુ જા'ગલ પ્રદેશનુ પાણી ઉપર્યુક્ત કોઈ પણ દોષોથી યુક્ત હોતું નથી, તેથી નિર્દોષ હોઈ ઉત્તમ ગણાંયુ છે. સાધારણ દેશનું પાણી તો પાકમાં દાહ કરનાર હોતું નથી, તરશનો નાશ કરે છે, શ્રેષ્ઠ હોઈને પ્રીતિને વધારનાર હોય છે અને લઘુ હોઈ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, તેમ જ મધુર અને શીતળ હોય છે. ઉપર જોઇ શકાય છે કે RO ની શોધ જે ૩૫૦૦૦ TDS ધરાવતાં સામુદ્ર જળ ના શુદ્ધિકરણ માટે થયેલ છે એ સામુદ્ર જળને આયુર્વેદ ચિકિત્સાશાસ્ત્ર માં વિશ્વ ત્રિદ્રોષ લવણ અમ્બુ યદ્વારૂણાલયં । કહેલ છે. ગુજરાતની જલ વાયુ ભૂમિએ સાધારણ દેશ કહેવાય છે અહિ પ્રચુર પ્રમાણ માં વાપી – વાવનું નિર્માણ થયેલ છે અને વાવના પાણીના ગુણદોષ ઉપર જણાવેલ છે... આથી ગુજરાતી પ્રજા માટે RO Water Plants જરૂરીયાત ધરાવતો નથી.જેમ આલ્કાલાઈન વોટર માટે pH આધારભૂત છે એમ RO Water માટે TDS આધારભૂત છે... સામાન્ય રીતે ૫૦૦ થી ૧૦૦૦ TDS ધરાવતુ પાણી ગુજરાતની પ્રજા માટે પીવાં લાયક છે TDS એ પાણીમાં ઓગળેલા લવણ / ક્ષારનું પ્રમાણ દર્શાવે છે. ગુજરાતમાં કુદરતી રીતે પીવાં લાયક પાણીના સ્ત્રોત એટલાં પ્રમાણમાં ઉપલબ્ધ છે કે અમેરીકાની જેમ સામુદ્ર જલ ને RO Water plants થી શુદ્ધ કરી પીવાં લાયક બનાવવાની જરૂરિયાત રહેતી નથી.વરસાદી પાણીનો સંગ્રહ લોકો જાગૃત થઈ તળાવ વાવ કૂવાં દ્વારા તથા શાસીત સરકાર દ્વારા નદી નાળાં પર બંધ બાંધીને કરાય તો પીવાં તથા ખેતી લાયક પાણીની અછતથી સુપેરે બચી શકાય એમ છે...સામાન્ય પ્રજાને RO Water ના ખર્ચને બદલે બોરવેલના પાણી માટે ખર્ચ કરી લેવો ઉત્તમ છે. બોરવેલનું પાણી બાહ્ય અશુદ્ધિ એટલે કે કૃમિ રહિત હોય છે જો કે કયાંક કયાંક અતિક્ષાર યુક્ત હોય તો પ્રચલિત દેશી જળ શુદ્ધિકરણની રીતોથી પીવાં લાયક બનાવી શકાય છે.વધુ TDs ધરાવતાં પાણીને ઊકાળી ઠંડુ કરી ઉપરથી નિતારી લેવું પછી એને વસ્ત્રથી ગાળી માટીના ઘડામાં સંગ્રહ કરી લેવાંથી પીવાં લાયક થઈ જાય છે.બોરવેલને પણ વરસાદી પાણીથી રીચાર્જ કરવાની વ્યવસ્થા થવી જોઈએ પ્રકૃતિ જે આપે છે એ એને પાછુ પણ આપવું જોઈએ તો જ સૃષ્ટીનું ચક્ર સુપેરે ચાલ્યાં કરે છે.(**ક્રમશઃ**)

# રાજુલામાં ઈન્ડો એશિયા કોપર પ્લાન્ટ નહી જ : – તખુભાઈ સાંડસુર

રાજુલાનો દરિયાકિનારો હવે ઉદ્યોગની દ્રષ્ટિએ ખૂબ મહત્વનો બની ગયો છે. કારણ કે પીપાવાવ બંદરની ગુજરાતના નહીં બલ્કે ભારતના અતિ મહત્વના આયાત નિકાસ બંદર તરીકે ગણના થવા લાગી છે. તેથી માલની આવન જાવન માટે અહીં ઘણી બધી સરળતા ઉભી થઈ છે. પરંતુ જે ઉદ્યોગો આવે છે તે ઉદ્યોગોને તથાકથિત રીતે દાખલ કરવાની જે રીતે પર્યાવરણીય મંજૂરી ભારત સરકાર અને ગુજરાત સરકાર આપી રહી છે. જેમાં સમગ્ર માનવજાત, સજીવ સૃષ્ટિ ઉપર ઘણો બધો ખતરો મંડાઈ રહ્યો છે. તાજેતરમાં સૂચિત ઈન્ડો એશિયા કોપર પ્લાન્ટ નાખવો કે કેમ તે માટેની પર્યાવરણીય સુનાવણી લોઠપુર ગામે યોજાઈ ગયું. તેમાં સ્થાનિક રહેવાસીઓએ અને આજુબાજુમાં રહેતાં લોકોએ આ કંપનીના ઉત્પાદન સામે સખત નારાજગી વ્યકત કરી. દાખલા દલીલો સાથે તેમણે કહ્યું કે કોઈપણ સંજોગોમાં અમે આ કંપનીને અહીં પ્રવેશ કરવા નહીં. દઈએ ! તેમની વાતમાં ખૂબ દમ પણ છે. પરંતુ આ દમ રાજુલાના પાદર સુધી આવીને અટકી જશે તો કશું થઈ શકશે નહીં. પરંતુ તેણે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના દરવાજા સુધી જવાની તૈયારીઓ રાખવી પડે તો જ આ પ્લાન્ટને અટકાવીને સમગ્ર સજીવસૃષ્ટિને આપણે બચાવી શકીએ !

તામિલનાડુમાં આવો જ તાંબુ ગાળવાનો પ્લાન્ટ વેદાંતા સ્ટરલાઈટ કોપર પ્લાન્ટ ૨૦૧૭માં સ્થાપવામાં આવ્યો સને ૨૦૧૮માં બંધ કરવા માટે લોકોએ આંદોલન કર્યુ અને આંદોલનના ગોળીબારમાં તૃતકોડી નામના બંદરમાં ૧૩ લોકોના મોત થયાં હતાં. લોકોએ ગોળી ખાવાની પસંદ કરી પરંતુ આ સ્ટરલાઈટ કોપર પ્લાન્ટને પસંદ ન કર્યો અને ન પણ થવો જોઈએ. તેનો કેસમાં મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્ર ચૂડના અધ્યક્ષપદે સુપ્રિમ કોર્ટમાં થયેલી સુનવાણી દરમિયાન તેઓએ જન આરોગ્ય અને જનહિતમાં આ પ્લાન્ટને ફરી ચાલુ ન કરવા માટે રાજય સરકાર અને લોકોની વિનંતીને માન્ય રાખીને ધમપછાડા પર ઠંડુ પાણી રેડી દીધું અને રેડાવું પણ જોઈએ. તે પણ સ્પષ્ટ છે. એવું કહેવાય છે કે આ કોપર પ્લાન્ટમાં ૪ લાખ ટન કેથોડ કોપરનું ઉત્પાદન થવાનું હતું. ખરેખર તો આ પ્લાન્ટ એ તાંબુ ગાળવા માટેનો પ્લાન્ટ હતો



જેમાં પછીથી ૪ લાખની જગ્યાએ ૮ લાખ ટન કેથોડ કોપરનું ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક સેવવામાં આવેલ. પરંતુ લોકોએ તેનો વિરોધ કરીને આ પ્લાન્ટ અહીં તો નહીં જ તે માટે જી જાનથી મહેનત કરી ! ૧૩ લોકોએ જાન ગુમાવ્યો પરંતુ બાકી રહેલા હજારો લોકોની જીંદગી એ રીતે બચી ગઈ. હવે જયારે આ પ્લાન્ટ રાજુલામાં રાખવા માટેના ઉફાળા ચાલુ છે ત્યારે સૌ કોઈ લોકોએ એક થઈને આ પ્લાન્ટને કોઈપણ સંજોગોમાં પોતાના વિસ્તારમાં દાખલ ન થવા દેવા માટે કમર કસવી જોઈએ.

તાબું ગાળવાથી એવું કહેવાય છે કે કાર્બન મોનોકસાઈડ,સલ્ફર ડાયોકસાઈડ જેવા ઝેરી વાયુઓ હવામાં ભળે છે અને તેનું પ્રદૂષણ હવામાં ભળે છે અને તેનું પ્રદૂષણ હવા, પાણી વગેરેને ગંભીર રીતે આહત કરે છે. તેની સીધી અસર માનવજીવન, જીવસૃષ્ટિ પર થતી હોય છે. ઘણા બધાં લોકો કહે છે કે તામિલનાડુમાં ભલે પ્લાન્ટ અને વૈજ્ઞાનિક તથ્યો સામે ન આવ્યા હોય પરંતુ જે રીતે ત્યાં હવા પાણી અને ભૂમિનું પ્રદૂષણ થયું અને તેના કારણે કેન્સર જેવા રોગોનું પ્રદૂષણ થયું અને તેના કારણે કેન્સર જેવા રોગોનું પ્રમાણ એ ખૂબ વધ્યું. એવું કહેવાય છે કે તુતીકોડીની કુલ વસ્તી ૧૭.૫ લાખ હતી તેમાં ૧૨૮૨ કેન્સરના દર્દીઓ નોંધાતા હતાં અને તામિલનાડુની વસ્તી ૭.૨૧ કરોડ હતી અને તેમાં કેન્સરના દર્દીઓની સંખ્યા ૬૧૪૦૨ હતી. જે પ્રમાણ ૧.૩૬% હતું તે વધીને હવે દર ૧૩ મહિલાએ એક અને દર ૧૪માં એક પુરુષને કેન્સર છે. તેનો અર્થ એ થયો કે વસ્તીના કુલ ભાગમાંથી ૧૩ મો ભાગ હવે કેન્સરના દર્દીઓનો છે. એટલે કે તે ૭.૬૯% થયું એટલે તેના પ્રમાણમાં લગભગ ૬% થી વધુ વધારો નોંધાયો. આ વધારો એ નાનો નથી અને એવું કહેવાય છે કે કોપર પ્લાન્ટના આવવાના કારણે થોડા સમયમાં જ આ હાઈક જોવા મળી હતી. ત્યાંના સ્થાનિક રહેવાસીઓનું કહેવાનું એવું છે કે અમારા ગામનું તથા આસપાસનું પાણી પણ હવે લીલા રંગનું આવે છે. જે પાણી અમારે પીવું પડે છે ! પ્લાનટના સંચાલકો આ પાણીન યોગ્ય રીતે નિકાલ કરવાને બદલે સીધું નદીમાં નાખે છે અને તે વિવિધ સ્તરોએ ફરી પીવામાં આવતું હોય છે અને તે જન આરોગ્યને સખત નુકસાન કરે છે.

આ બધી હકીકતોને ધ્યાનમાં લીધાં પછી રાજુલાનો સૂચિત ઈન્ડો કોપર પ્લાન્ટ કલઈપણ સંજોગોમાં સ્થપાવો ન જોઈએ. જરૂર પડે એક લોક આંદોલનને પર્યાવરણવાદીઓએ કરવું જોઈએ. તો માનવ જાતને આપણે બચાવી શકીશું. જો આપણી હવે માન્યતા એવી પણ થઈ છે કે કોઈ જન આરોગ્યને નુકસાન કરે કે ન કરે પરંતુ ઉદ્યોગોની સ્થાપનામાં પણ આપણે નકકી લક્ષ્મણ અને સમય રેખાને સૌ ઓળંગી ગયા છે. એટલે હવે કોઈ પણ ઉદ્યોગોને વધુ પ્રમાણમાં સ્થાપવો તથા આપણાં પ્રાકૃતિક વાતાવરણને ડહોળવાનું પાપ આપણે હરવીજ નહીં કરીએ !

એક સમયે ૧૯૭૭-૯૮માં સ્ટરલાઈટ કોપર પ્લાન્ટ રાજુલાના અને જાફરાબાદના દરિયા કિનારે સ્થપાવવાની તૈયારી હતી ત્યારે તે વખતના સંસદ સભ્ય પ્રસન્નવદન મહેતાએ તેનો સખત વિરોધ કરતા તે પ્લાન્ટને પડતો મૂકવામાં આવ્યો હતો. તેમાં આસપાસના સ્થાનિક રહેવાસીઓ અને પર્યાવરણ કાર્યકર્તાઓએ પણ તેનો વિરોધ કરીને તે સમયે તેના બંધ રખાવ્યો હતો. આપણે પણ આ મુહિમા જોડાઈએ અને યોગ્ય ઈચ્છિત ફાળો આપીએ.

# રામધાટ કહં કીન્હ પ્રણામા, મા અનમગન મિલે જનુ રામા ।

શ્રી રામચંદ્રાય નમઃ ત ા . ૨૮-૪-૬૬
પ્રિય રમા સાદર આસીસ

સ્વાસ્થ્ય ઠીક નહી હે પર કરના કયા કલ દ્વારિકા જાનેકા હું વહી સે કચ્છ જાનેકા હે.

તુમ દુઃખી ન હોના સ્વાસ્થકા ધ્યાનતો રખતા હું પર ઠીક નહી હોતા સબકો આસીસ કહના.

રણછોડદાસકા આસીસ

હંમેશા કોઈને કોઈ પ્રોગ્રામના કારણે દોડધામમાં પોતાના શરીર બાબત તો વિચા કરતા જ નહીં. પ્રાણી માત્રને સુઅ પહોંચાડવાની ભાવનાથી રાત દિવસ જોયા વિના સતત ગતિશીલ, ક્રિયકશીલ જીવન હતું. ભગવાન કહેતા, "મેરે રકત કી એક એક બૂંદ અંત સમય તક કિસીકે કામ આવે. વહ માનવ હી કયા જો દુરોકે સુખકા સાધન ન બને." ધણીવારતો જોઈ નશકાય તેવી નરમ તબિયત થઈ જતી ત્યારે હંમેશા એક જ પ્રાથના કરતી કે "ભગવાન અમારી ખુસી મો પણ આપ થોડું નિયમિત જીવન રાખી આરા કરોતો સારું. વિશાળ શિષ્ય સમુદાયમાં કોઈને કોઈ કારય ક્રમ તો ચાલ્યા જ કરે. આપ શરીરનો થોડો તો વિચાર કરો." આ રીતે ભલે સેવા વિધિ ન જાણતી કે ન સાથે રહી કાઈ કરી શકતી છતાં લાખોના પાલનહારને માટે ચિંતા તો રહેતી જ તેમાં એ ધણીવાર ોંબા સમય સુધી કાંઈ ખબર ન મળે ત્યનરે અનેક કલ્પનાઓથી મન વધારે વ્યથિત બની જતું. જયપુર એક બાજુ પડી જતું હોવાથી ભગવાન ખબર આપે તે જ મળતાં. બાકી કોઈનો સંપર્ક બહુ જ ઓછો હતો. પંદર દિવસ બાદ ભગવાનનો વીરપુરથી પત્ર આવ્યો.


શ્રી રામચંદ્રાય નમઃ
વીરપુર તાં. ૧૩-૫-૬૬
પ્રિય રમા સાદર આસીસ

પત્ર લિખનેકી ઈચ્છા બની રહતી હૈપર શરીર સ્વસ્થ ન હોનેસે દેરી હો હી જાતી હે. મૈં કચ્છ આઠ દીન રહ આયા. આરામકા પૂરા ધ્યાન રખા થા ઉન રામ જનમિ જગ કીન્હ ઉજાગર, રૂપક્ષીલસુખ સબ ગુણસાગરડ ાસબને. વીરપુર ૧૫ દિવસ રહનેકા સોચતા હું સ્વાથ્ય ઠીક નહીં દિન-પ્રતિદિન ગિરતા જાતા હૈ ઓર સબકે સાથ કાર્યક્રમ આરામકા બાધક હૈ. રમા ભજન કરના ઔર ખુબ પ્રેમસે ભગવાન પર ભરોસા રખના સબકો આશીસ કહતા ધીરુકો લડકી ધ્યાનમે રખના.

રણછોડદાસકા આસીસ

આ પત્ર વાંચતા ભગવાનની તબિયત વિશે વિશેષ ચિંતા તેમ જ દુઃખ થવું સહજ હતું. પરંતુ રાજકોટથી પત્ર દ્વારા જાણવા મળેલું કે ભગવાન વીરપુર વાડીમાં એકાન્તમા આરામમાં બિરાજે છે. રોજ કોઈને દર્શન થતાં નથી. અમુક સેવકો જ પાસે રહે છે. દર રવીવારે સવારે અમુક સમયે દર્શન આપે છે.

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



વીરપુર જવાની ઈચ્છા હોવા છતાં આ માહીતી મળતા જઈશ તો કયાં રહીશ તેમ જ ભગવાનના આરામમાં બાધક બનીશ તે વીચારે જવાનું માંડી વાળ્યું. થોડા દિવસો બાદ ફરી જાણવા મળ્યું કે હવે ભગાવન વીરપુરથી નીકળી જવાના છે. આ છેલ્લો રવિવાર છે તેથી વીરપુર જવા નીકળી. રવિવારના ગુરુવારે ત્રણ દિવસ વહેલી પહોંચી કારણ કદાચ પ્રોગ્રામમાં કંઈ ફેરફાર થાય અને ભગવાન વહેલા નીકળી જાય તો આટલા દૂરથી જતા દર્શન નહીં થાય તો...? મેં વિચારેલું કે જો રવિવારે જ દર્શન મળશે તો બે દિવસ ત્યાંની ધર્મ શાળામાં વિતાવી લઈશ.

વીરપુર પહોચી પહેલાં વાડીએ ગઈ ફુલહાર હતો તે દરવાજે ચડાવી પ્રણામ કરવા ઈચ્છા હતી. તે પ્રમાણે સડક પર ટાંગામાંથી ઉતરી હારનું પડીકું ખોલતા ખોલતાં દરવાજે પહોંચી. દરવાજાની અંદર વ્યવસ્થાપક ભાઈ ઉભા હતાં. તેમના ચહેરા પરથી અણગમો છણાઈ આવ્યો કે હું કદાચ અંદર જવા પ્રયત્ન કરીશ. જો કે ભગવાનને આરામ આપવાથની ભાવનાથી યોગ્ય કડક વ્યવસ્થા હતી. હુ દરવાજા પર હાર ચડાવી બહારથી જ પ્રણામ કરી પાછી ફરી. તેઓ આશ્ચર્ય સાથે જોઈ રહ્યા તેટલક માતો ગુરુ ભાઈ, બહેનોથી ભરેલી એક ગાડી આવી. તેઓ બધા અંદર દર્શને જવાના હતા પરંતુ મારી સાથે અંદર જાયતો મને પણ આવવાનું કહેવું પડે તેથી સંકોચને કારણે કોઈ નીચું જોઈને કે આડું જોઈને ગાડીમાં બેસી રહ્યા.


બિચારા "જય ભગવાન" પણ કઈ રીતે કહી શકે ? ગાડી દરવાજા બહાર ઉભી રાખી મારા જવાની રાહ જોતા હતાં. રામ સુના દુઃખ કાન ન કાઉ, જીવનતરુ જિમિ જુગવત રાઉ ાસમજી ગયેલી કાણ વ્યવસ્થાપકો દ્વારા આ પક્ષ પાતો ચાલતોજ અને આજે પણ એમ જ ચાલે છે. ટાંગામાં સડક પર થોડે દુર પહોચી તેટલામાં તે ગાડી ખાલી થતા ડ્રાયવર ટાંગા પાછળ દોડતો આવી કહેવા લાગ્યો બહેન મારા લાયક કઈ કામ હોય તો જરૂર કહેજો કારણ એક મહિના પહેલા તે પોતાના માલીક સાથે જયપુર ઘેર આવેલો. ધર્મ શાળાએ પહોંચી ત્યાં સ્વતંત્ર રૂમ આપવાના કહીં. મોટા હોલમાં સમુહમા ફાવેતેમ ન હતું. સ્નાનાદીથી પરવમરી એટલામાં તો પૂ. શ્રી જલમરામ બાપાના મંદિરથી પ્રસાદ લેવા ફોન આવ્યો. મારેતો ઉપવાસ હતો. મંદિરે દર્શને જવાની જ હતી. થોડીવારે ફરી પાછો ફોન આવ્યો બધી વ્યવસ્થા છે કે નહીં તે પુછવા તેમજ સાંજે અમે બધા ભગવાન પાસે સુંદરકાંડ કરવા જાઈએ છીએ ત્યારે અમારી સમથે આવજો. તેમજ હમણા ભાઈ વાડીએ જશે ત્યારે ભગવાનને તમારા ખબર આપશે વિગેરે. મેં સ્વતંત્ર રૂમની દર્શાવતા તેમણે વ્યવસ્થા કરી આપી. મેં કહ્યું, "મારા કારણે ભગવાનના આરામમા વિક્ષેપ થાય તે હું ઈચ્છતી નથી. મને ખબર છેકે રવિવારેજ દર્શન આપે છે છતા. ભગવાન કદાચ અહીંથી વહેલા નીકળી જાય તો તે વીચારથી હું થોડી વહેલી આવી છું. આ પ્રોગ્રામ બાબત માત્ર મને ખબર આપજો કે વહેલાતો નથી જવાના ? હું અહીં ધર્મશાળામાં જ બે દિવસ રહસશ."

બપોરે ભગવાનને આ બાબત ખબર મળતાજ તરત જ ગાડી મોકલી અને પોતાની પાસે જ બીજા બહેનો સાથે મને રહેવા જણાવ્યું. વાડીમાં અલગ અલગ જગ્યાએ રસોઈ કરવાનું ભગવાનને યોગ્ય ન લાગતા સેવા કરનાર બહેનોને કહ્યું હશે, મારી રસોઈ બન્યા બાદ મારા રસોડામા રમા પોતાની રસોઈ બનાવી લેશે. તેને રસોડામા આવવા દેજો. પહેલા દિવસે ઉપવાસ હોવાથી પ્રશ્રજ નહતો. આ વ્યવસ્થાથી હું અજાણ હતીં. રસોઈનો સામાન મારી સાથે હતો. પરંતુ રાત્રે એક બહેન દ્વારા મને અમુક બહેનોને મારો વીરોધ હતો તે અજાણવા મળ્યું. અને વીરોધનું કારણ ઘણું વિચિત્ર હતું. કયારેક કોઈ વ્યકિતએ મારી પાસે બીજાના સ્વભાવ વિશે ચર્ચા કરી હોય તેની સાથે તે વિશે મેં પણ મારો અભિ-પ્રાય જણાવ્યો હોય તે વાતને ફેરવીને મારી વિરૂદ્ધ ઉશ્કેરવામાં આવેલ તે જાણવા મળ્યું. આ અનુભવ તો હવે સહજ બની ગયેલા કે એક-બીજાની ગેરહાજરીમાં ઘણી વિરોધી વાતો મને કરતાં હોય રામ તુમહીં પ્રિય તુમ પ્રિય રામહિં, યહ નિરજોરા દોષ વિધિવામહિં ।અને ભગવાન પાસ સમય પર મારી વિરૂદ્ધતે બધા એક થઈ જતા. આ પણ મીઠું બોલતી વ્યકિતઓને ઓળખવા માટેનું અને વિવેકપૂર્વક બધા સાથે સંબંધ રાખવાનું શીખવતું પ્રભુકૃપાનું જ એક પાસું હતું. છલકપટ કે ચાલાકી, ચતુરાઈ ભગવાનની કૃપાથી ન જાણતી હોવાથી આવા પ્રસંગોના વારં વાર ભોગ બનતી. મૂળતો ભગવાનને મને બોલાવી તે સહીં ન શકયાં. બીજા દિવસે " ઉલ્ટાચોર કોટવાલ કો ડાટે" તે રીતે મારી વિરૂદ્ધની ફરિયાદ ભગવાન પાસે પહોંચતા મને બોલબવી વઠી ને કહ્યું, "અભી કે અભી રાજકોટ ચલી જાવ."આ રીતે હું ન સમજી શકવાથી દુઃખી થઈ ગઈ. "રીત જગતે ન્યારી." આવોજ એક પ્રસંગ બાપુજી પાસેથી સાંભળ વા મળેલ કે ભકત પૂ. શ્રી જાદવજીભાઈ ધીરે ધીરે ઘણો સમય રાજકોટ આશ્રમમાં ગાળ તા તે વખતે અમુક વ્યકિત-ઓએ તેમનો પણ વિરોધ કરેલો અને ભગવાન પાસે આ ફરીયાદ કરેલી. ભગવાને તેમને થપ્પડ મારીને કહેલું, "ચલે જાવ, આશ્રમમે આના નહીં."સમય જતાંતે જ વિરોધીઓએ ભગવાનને વિનંતી કરી હશેં પૂ શ્રી જાદવજીભાઈન આશ્રમમાં બોલવો. વગર વાંકે કાઠી મુકેલ પૂ. જાદવજીભાલને ફરી બોલાવ્યા. ત્યારે ખૂબ જ સહજ અને સરળતાથી પાછા આવ્યા હતાં. એમની કક્ષાએ તો મારા જેવી અવગુણોની ખાણ કઈ રીતે પહોચી શકે ? પરંતુ આ પ્રસંગમાં કાંઈક એવું જ હતું. ભગવાન બીજે દિવસે રાજકોટ પધાર્યા ત્યારે દર્શનને ગયેલી. ત્યાથીં જામનગર પધારતાં હતાં ત્યારે ભીડની વચ્ચેથી આગળ જઈ હું ઉભી હતીં. ગાડી મારી પાસે ઉભી રાખી કહ્યું, "જામનગર આ જાવ."તુમ કૃપાલ સબ સંશય હેઉ જાનગરમા પણ ખુબ ભીડ હી. કોઈના ઘેર પધારેલા. હું નીચે સીડીમાં જ બેઠી હતી. કદાચ હિંમત કરી તેમના ઘેર જાઉ તો ધરધણીની મારા પ્રત્યેની તિરસ્કૃત દ્રષ્ટિ જોઈ વિશેષ દુઃખ થાતા એ કરતાં નીચે બેસવું સારું હતું.

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**"લાંબી આ સફરમાં જિંદગીનાં ઘણા રૂપ જોયા છે**
**તમે એકલા શાને રડો છો, સ્વજન તો અમેય ખોયા છે.**
**આપને ફરિયાદ છે કે કોઈનું તમારા વિશે સુઝયું નથી**
**અરે ! મને તો "કેમ છો ?" એટલુંય પૂછયું નથી."**

છેલ્લા લેખોમાં સદગુરુ જગ્ગી વાસુદેવના શબ્દોમાં મૃત્યુ વિશે તેમના વિચારો જણાવ્યા હતા. અચાનક મૃત્યુ થાય તો તેવા પ્રશ્નોનો ઉતર આ પ્રમાણે આપ્યો છે. "મૃત્યુ કયારેય અચાનક આવતું નથી. તમે ભલે તેનું પૂર્વાનુમાન ન લગાવી શકયા હોય પરંતુ તે (મૃત્યુ) કયારેય અચાનક નથી હોતું. તત્ક્ષણ થતા મૃત્યુનો ભ્રમ ફેલાવવામાં સૌથી મોટો દોષ આજની ફિલ્મોનો છે. તેમને એવું લાગે છે કે જીવન એ અંદર બેઠેલી ચીજ છે જે ગોળી વાગતા જ પફફ થઈને ઉડી જાય છે. તે એવું નથી તેને આ રીતે જુઓ ધારો કે હું અત્યારે તમારા માથામાં ગોળી મારું તો શું તમારા શ્વાસ એક સાથે જતા રહેશે ? ના, તે ધીમે ધીમે નીકળે છે. પણ જેવું શરીર નિષ્ક્રિય બની જાય છે.... તમારો જીવન અનુભવ જતો રહે છે. શરીરનો ઈન્દ્રીય બોધ જતો રહે છે પરંતુ અનુભવ પોતે હજુ ત્યાં રહે છે. આવું જ તેમે નિદ્રામાં હોય ત્યારે, બને છે. ત્યાં એક વખત તમારો ઈન્દ્રીય બોધ સમાપ્ત થઈ જાય તો તમને શરીર કે વિશ્વનો અનુભવ ત્યાં હોય છે. માની લો કે એક વ્યકિતને માથામાં ગોળી વાગી હોય તો શું તેની પાસે શાંતિથી મરવાની તક હોય છે. માની લો કે કોઈ વ્યકિત છત નીચે પડીને ગુજરી ગઈ. તમારા દષ્ટિકોણથી કારણ કે તમે શરીરને તૂટતા જોયું છે. તમે કદાચ વિચારશો કે આ એક હિંસક મૃત્યુ છે. પણ જે વ્યકિત નીચે પડી છે તેના માટે બની શકે તે છેલ્લી ક્ષણોમાં પોતાની અંદર શાંત મૃત્યુ પામી હોય. અથવા તે હિંસક મૃત્યુ પામી હોય. હિંસા તે ક્ષણમાં તે મનુષ્ય તેને કેવી રીતે અનુભવે છે તેમાં છે બહારથી જોતી વખતે શરીરને જે થાય છે તેના આધારે હિંસાનું ૨



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

તારણ કાઢો છો. પણ તે જીવ સાથે શું થયું તે તમો જાણી ન શકો. તે બસ વ્યકિત જ જાણે છે. સિવાય કે તમને એ જાણવાની પધ્ધતિઓઆવડતી હોય. ('મૃત્યુ' પૃ.૧૨૩) અત્રે મને ગાંધીજી યાદ આવે છે. તેઓને ગોળી વાગી ત્યારે "હે રામ !" શબ્દ બોલ્યા હતા. જીવન માટે મૃત્યુ માટે જાગૃત વ્યકિત સભાનતાથી દેહ છોડી શકતા હશે. મહાભારતમાં આવા ઘણા પ્રસંગો છે. યુધ્ધના અંતે ધૃતરાષ્ટ્ર ગાંધારી, કુંતાજી, સંજય હિમાલય તરફ જાય છે. જંગલમાં અચાનક આગ લાગી હતી. ત્રણ જણા વૃધ્ધ હતા. સંજયે જવાની ના પાડી. ચારેય જણા સ્વેચ્છાથી જંગલની અશામાં સ્વર્ગારોહણ કર્યુ. જિંદગી માટે કેવી જાગરૂકતા ? જો કે મૃત્યુ નજીક હોય ત્યારે સૌ કોઈ જાગરૂક થઈ શકે છે. માણસ પાસે બીજો કયો વિકલ્પ છે ? શ્રી સદગુરુ કહે છે - મૃત્યુ કોઈપણ રીતે આવે પરંતુ જાગરૂકતા હોય તો શ્રી રામ, ૐ નમઃ શિવાય કે ઈષ્ટદેવ મન સમક્ષ હોય તો તે મોક્ષ પ્રાપ્તિ છે. વાંચીએ ગુરુના શબ્દોમાં "કોઈ એવા વ્યકિત જ બીમારી, ઘડપણ કે કોઈ અન્ય કારણસરથી મરે છે કે માથામાં ગોળી વાગી છે તેની સરખામણીએ કોઈ અકસ્માત હોય છતાં પણ ઈજા અને મૃત્યુ વચ્ચે અમુક ક્ષણ હોય છે. જો તે વ્યકિત તેના જીવનમાં થોડી જાગરૂકતા લાવી હોય તો આ અમુક ક્ષણો જાગરૂકતાની ક્ષણો બની શકે છે. બીજી તરફ એવું પણ બને છે કે જો અમુક લોકો ઓ વરસનું જીવન હોય તો પણ આ સો વર્ષમાં શકય છે કે તેઓ જાગરૂક ન થયા હોય... જો તમે જાગરૂકતા સાથે જીવન જીવ્યા હશો તો બિલકુલ સંભવ છે કે છેલ્લી ક્ષણે પણ તમે જાગરૂક બની શકો છો. આવું થાય તે માટે તમારે જીવનમાં જાગરૂકતા લાવવી પડશે. ત્યારે જ તમે મૃત્યુ સમયે જાગરૂક રહી શકો છો.

આસપાસની પરિસ્થિતિ ગમે તેવી હોય પણ જાગરૂકતા વાળુ જીવન જીવી શકો છો." (પૃ. ૧૨૩) જીવનને સુંદર બનાવવા "ટ્રસ્ટ ઈન ગોડ એન્ડ ડુ ધ રાઈટ" વાળી કવિતા પ્રમાણે જીવન જીવવું મિત્રો બનાવવા, કુટુંબમાં પ્રેમના ફૂલો, ફૂલોની સુંગધ સૌને વહેચવી. ગમતું મળે તો ગુંજે ન ભરીએ ગમતાનો કરીએ ગુલાલ." **(અપૂર્ણ)**

# પૃથ્વીની વય વધારવી એ જ માનવીનું કર્તવ્ય

'વસુધૈવ કુટુંબકમ' - 'આખું વિશ્વ એક કુટુંબ છે લોકો કુદરતી સ્ત્રોતોનો વિવેકપૂર્વક ઉપયોગ કરે અને હવા, પાણી, જમીન તથા અવાજનું પ્રદૂષણ ઘટાડે તે હેતુથી સૌને જાગૃત કરવા ૨૨ એપ્રિલ, ૧૯૭૦ થી 'પૃથ્વી દિવસ' મનાવવાનું શરૂ કરાયું હતું.તે વખતના અમેરિકાના સાંસદ ગેરોલ્ડનેશનલે પૃથ્વી દિવસ મનાવવાનો પ્રારંભ કરાવ્યો હતો. પાણી, વનસ્પણિ, ખનીજ તેલ જેવા કુદરતી સ્ત્રોતોના બેફામ ઉપયોગના કારણે આજે વિશ્વમાં પાણી, શુધ્ધહવા જેવા સ્ત્રોતોની ખેંચ વર્તાઈ રહી છે. પૃથ્વી ઉપર ભારણ વધ્યું છે. તેથી જ કદાચ કુદરતે કોરોના મહામારી જેવી પરિસ્થિતિનું સર્જન કર્યુ છે. પૃથ્વીના ગુણગાન અને તેની પૂજા વેદોમાં કરવામાં આવે છે. ઋગ્વેદ ઉપરાંત અથર્વવેદના બારમા મંડળના ભૂમિકા સૂકતમાં પૃથ્વીની ઉત્પતિ વિશે બતાવ્યુ છે. બ્રહા અને વિશ્વકર્મા વગેરે દેવતાઓને કારણે પૃથ્વી પ્રગટ થઈ. આ સૂકતમાં ૬૩ મંત્રોમાં પૃથ્વીની વિશેષતા અને તેના પ્રતિ મનુષ્યોના કર્તવ્યોનો બોધ કરાવ્યો છે. જે રીતે માતા પોતાના પુત્રોની રક્ષા માટે ભોજન પ્રદાન કરે છે એ જ રીતે માતાની



રક્ષા કરવી પુત્રોનુ પણ કર્તવ્ય છે. જયારે વિશ્વકર્માએ અંતરિક્ષમાં હવન કર્યુ તો પૃથ્વી અને તેમા છિપાયેલા ભોજય પદાર્થ પ્રગટ થઈ ગયા. જેનાથી ધરતી પર રહેનારા લોકોનું પાલણ પોષણ થઈ શકે. મતલબ ભગવાન વિશ્વકર્માએ જયારે લોકકલ્યાણની ભાવનાથી હવન કર્યુ ત્યારે બ્રહા, વિષ્ણુ વગેરે દેવતા પ્રગટ થયા અને બધા દેવતાઓમાંથી શકિતનો અંશ કાઢયો અને એક શકિત પૂંજ બની ગયુ. પછી એ શકિતપુજ ધરતીના રૂપમાં બદલાઈ ગયું. વેદોમાં પૃથ્વીને માતા માનવામાં આવે છે. તેથી તેની સુરક્ષા આપણુ કર્તવ્ય છે. ધરતીને પવિત્ર અને મા નુ રૂપ માનતા આપણે તેનાથી મળનારા પદાર્થોને વ્યર્થ ન જવા દેવા જોઈએ. પ્રદૂષણ અને ગંદકી વધવાથી રોકવી જોઈએ અને પૃથ્વી સ્થિતિથી બચી શકાય છે, પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ, પ્લાસ્ટિકને કારણે પૃથ્વી પર અતત ગંદકી વધી રહી છે, કેમિકલ અને તેનાથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ કેમિકલથી પૃથ્વી પર પાણી, હવા અને માટી એટલે કે દરેક પ્રકારનું પ્રદૂષણ ફેલાય છે. તેને રોકવુ જોઈએ. જીવહત્યા અટકાવવી જોઈએ.

# સમજણ એ જ નારાયણ

## શ્રીમદ ભગવદગીતા જીવનનું વિજ્ઞાન

### "જીવન એ સમાધાનોની શોધ છે, અને ગીતાજીમાં તે બધાં જ સમાધાન ઉપલબ્ધ છે."

**-:પ્રસ્તાવના:-**

**"સર્વ ધર્મોન પરિત્યજય મામ એક શરણં વ્રજ !**
**અહં ત્યાં સર્વ પાયેજયો. મોક્ષ પિષ્યામી મા શુચ : !!ગીતાજી (૧૮.૬૬) અર્થાત**

ધર્મના સર્વ પ્રકારો ત્યાગી તુ કેવળ મારા શરણે આવ હું તને સર્વ પાપોનાં ફળમાંથી મુકત કરીશ. ડરીશ નહીં. - ભગવાન શ્રીકૃષ્ણ

આપણી ભારતીય સંસ્કૃતિમાં શબ્દને બ્રહમ માનવામાં આવેલ છે. એક સાચો શબ્દ પણ જો વેદ સ્વરૂપ ગણાતો હોય, તો શ્રીમદભગવદગીતા તો સ્વયં પરમાત્માનાં મુખેથી પ્રગટ થયેલ છે, તો તેની મહતા, દિવ્યતા, પ્રવિતત્રા સાર્થકતા કેવી અદભૂત હોય ?પ્રશ્ન અને જવાબ બન્ને આપણને અહોભાવ થી ભરી દેવા માટે પૂરતાં જ છે ને ! એટલે જ તો મધુસુદન સરસ્વતી ગાય છે ને કે..." સ્વયં ભગવાન નારાયણ પૃથા પુત્ર અર્જુનને ઉપદેશેલી પ્રાચીન મહામુનિ વેદવ્યાસજીએ મહાભારતની મધ્યમાં ગૂંથેલી અદ્વત પાનરૂપી અમૃતની વર્ષા કરનારી અને સંસારનાં સર્વે સંતાપોનો નાશ કરનારી હું ગીતામાતા ! હું તને વંદન કરી સતત તારું ધ્યાન ધરું છું." ગીતાજી એ ભગવાન શ્રી કૃષ્ણનું હદય છે. રપાનરૂપી ભાગીરથી છે. કલ્પવૃક્ષ છે, પારસમણિ છે.

અઢાર અધ્યાયમાં વિસ્તરેલી ભગવદગીતામાં જીવનનું સાચુ દર્શન રપાન અને વિજ્ઞાન સમાયેલું છે. જેની ક્રમશ : જોઈએ તો મોહનો ત્યાગ અસત્યનો ત્યાગ દેહની શ્રેષ્ઠતા (શરીર જ ધર્મ કર્મનું સાચું માધ્યમ છે.) ક્ષણ ભંગુરતા, નિષ્કામ સેવાની મહતા, કર્મયોગ રપાન યોગ (રપાન જ મુકિતનું સાચું માધ્યમ છે. ) અષ્ટાંગ યોગ (ઈન્દ્રિયો ઉપર કાયમ કાબું રાખો.) પરમતત્વની સાચી પહેચાન, આત્મા-પરમાત્માની ઓળ ખ. અને આ બધા ગુણો થકી જ વિશ્વરૂપ દર્શન અને અંતે મોક્ષ પ્રાપ્તિનો સાચો માર્ગ. આમ અઢાર અધ્યાયની આ યાત્રાનું આ નવનીત છે. શ્રીમદ ભગવદગીતાએ અર્જુનનાં માધ્યમથી સમગ્ર માનવજાતને માટે ઉપયોગી જરૂરી અને અનિવાર્ય એવો મોક્ષ અને કલ્યાણ માર્ગે પ્રેરીત કરતો દિવ્ય સાર છે. દરેકે જીવનનાં સંજોગોમાં કેવું વર્તન કરવું ? કર્મનાં માર્ગે ચાલીને



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી

કલ્યાણનાં માર્ગે કેમ પ્રસ્થાન કરવું ? સ્વથી માંડીને સમાજનાં ભલા માટે કેવી રીતે જાતને રમમાણ રાખવી ? તેનું દિવ્યરપાન ભગવદગીતા આપે છે. દયા, કરુણા, સમજણ, નિષ્ઠા ધર્મ કર્તવ્ય પ્રેમ, આનંદ, રપાન, પરોપકાર દઢતા, વિચાર વાણી વર્તન માનવજાતને સ્પર્શતા તમામ પાસાઓ ઉપર ભગવાને દિવ્ય સંદેશો આપ્યો છે. ધર્મ, ઈશ્વર, પાપ, પુણ્ય, કર્મ, જન્મ-મરણ, આશકિત અનાશકિત, મોક્ષ તમામ પડાવો ઉપરનાં કારણો અને નિવારણો દર્શાવ્યા છે. દરેક બંધનમાંથી છૂટવાનો માર્ગો બતાવેલા છે. ગીતા એ માત્ર વાંચી જવાની ચીજ નથી. પણ અવલોકન કરી, તેનું સાચું મૂલ્ય અનુભવવાની ગાથા છે. વર્તમાન યુગમાં ગીતાજીનાં માધ્યમથી આપણે સેલ્ફ આઈડેન્ટીફીકેશન (સ્વયંની સાચી ઓળખ), સેલ્ફ કોન્ફીડસિ (આત્મશ્રધ્ધા), ટાઈમ મેનેજમેન્ટ (સમયની સાચી પરખ અને સદઉપયોગ), (લીડરશીપ) (આગેવાનીની આવડત) રીલેશનશીપ (સબંધોનાં સરવાળા), પોઝીટીવ થીકીંગ (હકારાત્મકતા) પોઝીટીવ એટીટયુડ (શ્રધ્ધાત્મકતા) જેવાં ખરા અર્થમાં જીવન ઉપયોગી સદગુણો કેળ વી શકીએ છીએ.ગીતાજીની અંદરથી જ જીવનનાં સાચા સૌદર્યને આપણે ઓળખી શકીએ છીએ. ગીતાજી જ આપણને જીવનનું સાચું વિરપાન સમજાવતાં જે દષ્ટાતો આપે છે. તેમાંથી થોડા ટૂંકમાં જ વર્ણન કરું તો....

- માનવીની ભીતર પડેલું શ્રેષ્ઠ રપાન, શ્રેષ્ઠમૂલ્યો એ જ સાચું જીવન સૌદર્ય છે. Work is workship (કર્મ એ જ ભકિત મુકિત છે)
- નિરાભિમાની પણ હું પરોપકારી પણું, લોક કલ્યાકારી ભાવનાઓ ક્ષમા, કરુણા, અને વાત્સલ્ય એ જે સાચું જીવન સૌદર્ય છે.
- માફી માંગવી અને માફી આપવી એ જ સાચું જીવન સૌદર્ય છે.
- ગમે તેટલા ઐશ્વર્ય વખતે પણ ધરતી પર પગ રાખવાં અને ધન, વૈભવ, સતા, રપાન બીજાને ખપ પગ લાગે તેમ વિતરિત કરવાં તે જ સાચું જીવન સૌદર્ય છે. દરેક ધર્મને માન આપવું જીવન સૌદર્ય છે.- નાનામાં નાની વ્યકિતનાં આદર કરવો, બીજાનાં ગુણોની કદર કરવી ગમે તેવા વિકટ સંજોગો વખતે પણ સ્થિત પ્રરપ રહેવું અને ઈશ્વર જે કાંઈ આપ્યું હોય તેને પ્રભૂની પ્રસાદી સમજવી પરાજયને પચાવવો અને કરેલી ભૂલો અંગે આત્મનિરીક્ષણ કરવું એ જ સાચુ જીવન સૌદર્ય છે. બસ આજ બધું જીવનનું વિરપાન છે.

-:ઉપસંહાર:-"મલિને મોચનં પુંસા જલ સ્નાનં દિને દિને ।
સફેદ ગીતામૃત સ્નાનં સંસાર મલ નાશનમ ॥"(ગીતા મહાત્મય - ૩)

-:અર્થાત:-જળમાં સ્નાન કરીને મનુષ્ય હંમેશા પોતાને સ્વચ્છ કરી શકે છે, પણ ભગવદગીતા રૂપી પવિત્ર ગંગાજળમાં જો કોઈ એકવાર પણ સ્નાન કરી લે તો તે ભવસાગરની મલિનતાથી હરહંમેશ માટે મૂકત થઈ જાય છે.

**-અસ્તુ- -પ્રણામ-**

# તકલીફનો તોડ શું ?

**'દુઃખનું કારણ જડે જો,**
**દોષ ખુદના નજરે ચડે,**
**સ્પષ્ટ થાય સમસ્યાનું ચિત્ર,**
**તો સમાધાનનું સુખ મળે.'**

આ સમયમાં કઈ વ્યક્તિ એવી છે કે જેને કોઈ તકલીફ નથી ? જીવનમાં તકલીફ દરેકને આવે દુઃખ કે દર્દ દરેકને હોય છે. દરેકને નાના મોટા કોઈ પણ પોતાના પ્રશ્નો હોય જ છે . પરંતુ દરેકની એ પ્રશ્નો, દુઃખ કે તકલીફને જોવાની રીત અલગ અલગ હોય છે. અને એના કારણે જ જે તે માણસ પર આ તકલીફ, દુખ કે દર્દની જુદી જુદી અસર થાય છે. ઘણા લોકો પોતાને થયેલા દુઃખ, દર્દ કે પીડા માટે સતત કોઈ બીજાને દોષી માન્યા કરે છે. બીજા પર દોષારોપણ કર્યા કરે છે. પરંતુ ખરેખર પોતાને થયેલા દુઃખ માટેનું મૂળ કારણ શું હતું ? તે ચકાસતા નથી. કારણ કે જો દુઃખનું કારણ જડે તો તેનું નિરાકરણ થાય. પરંતુ માણસએ કારણ શોધવા, પોતાની તેમાં કયાં ભૂલ છે, દોષ છે એ વિશે વિચારવા કરતા બસ સતત અન્યને દોષ આપી દુઃખી થતો રહે છે. જીવનમાં તકલીફ એટલે થાય છે કે આપણી પીઠ આપણે જોઈ શકતા નથી. બસ એમ જ આપણા દોષ આપણને દેખાતા નથી માત્ર બીજાના જ દેખાય છે. જે દિવસે આપણે આપણા દોષ શોધી તેને દૂર કરવાના પ્રયત્ન

## અનુભૂતિનાં અક્ષરો

\- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



કરીએ ત્યારે આ બાહ્ય જગત ભલે બદલાય કે ન બદલાય પરંતુ એક વ્યક્તિનું આંતરિક જગત ચોક્કસ બદલાય છે. બીજાને સુધારવાની મથામણ કર્યા વગર જાતને સુધારવામાં આવે તો પણ જગતમાં એક વ્યક્તિ તો સુધરશે જ. માટે દુઃખ કે તકલીફમાં અન્યને દોષિત માન્યા વગર એક વખત જાતનું નિરીક્ષણ કરવામાં આવે તો કદાચ એ દુઃખના મૂળ સુધી પહોંચી શકાય. અને એમાં તટસ્થ રીતે જે તે પરિસ્થિતિને જોઈ શકાય, પોતાના દોષોને તટસ્થતાથી મૂલવી શકાય, અન્ય પક્ષની પરિસ્થિતિને સમજી શકાય. અને એ પછીની પરિસ્થિતિમાં એવું બની શકે કે આપણી પીડા કે દુઃખ ઓછું થઈ જાય અને આપણા વર્તન માટે કયાંક પસ્તાવો વધી જાય. એટલે આપણા જીવનમાં આવતી કોઈપણ સમસ્યાનું સમાધાન ત્યારે જ શકય બને કે સે પહેલા તો એ સમસ્યાનો સ્વીકાર થાય. એ સમસ્યા પછી કોઈ પરિસ્થિતિ માટે હોય કે, પ્રિય વ્યક્તિ માટે. કેમ કે આપણી અપેક્ષાઓ, સપનાઓ કે લાગણીઓ બધુ માત્ર આપણા તરફથી હોય ત્યારે તે બધું પૂરું થાય તે માટે પરિસ્થિતિ, જે તે પ્રિય વ્યક્તિ કે ખુદ આપણે પોતે પણ દરેકની મર્યાદાઓ હોય છે. પરંતુ એ મર્યાદાઓ , ક્ષતિઓને આપણે સ્વીકારી શકતા નથી. હંમેશા વાસ્તવિકતાનો સ્વીકાર કર્યા વગર કોઈ વ્યક્તિ, પરિસ્થિતિ, સમય કે કિસ્મતના નામ પર દોષારોપણ કરતા રહીએ છીએ. એના કરતાં જો વાસ્તવિકતાને સ્વીકારી લેવામાં આવે તો દુઃખ ઘણું ઓછું થાય છે.દુઃખ જન્મવાનું મુખ્ય કારણ જ આપણી અપેક્ષાઓ છે. અને એ પણ એવી અપેક્ષાઓ કે જે આપ મેળે આપણે બાંધી લીધી હોય. કારણ કે આપણે કોઈપણ સંબંધ પાસેથી, વ્યક્તિ પાસેથી કે જીવન પાસેથી આપણે રાખેલી અપેક્ષા મુજબ જ થાય એવો દુરાગ્રહ રાખવો એ આપણો દોષ છે. કારણ કે એવી કોઈ ગેરંટી નથી કે દરેક વખતે આપણી અપેક્ષા મુજબ જ બધું થાય. ખરેખર તો અપેક્ષા મુજબ ન થાય ત્યારે પણ સ્વભાવની સ્થિરતાને જાળવી શકીએ તો આપણે દુઃખમાંથી બહાર આવી શકીએ. સૌ પ્રથમ આપણા દુઃખમાંથી બહાર આવવા આપણે પોતે જ પ્રયત્નો કરવા પડે. અને એ ત્યારે જ શકય છે કે એ દુઃખ આપનારી પરિસ્થિતિને તટસ્થ સ્વરૂપે જોવામાં આવે અને વાસ્તવિકતાનો સહજતાથી સ્વીકાર કરવામાં આવે. વળી આપણે સૌ આજીવન જીવનની દુઃખદ ઘટનાઓ અને આપણી સાથે બનેલી કડવાસની પળોને એટલી વાગોળીએ છીએ કે એના કરતા ૧૦ ગણી વધારે સુખદ ફળો કે સંસ્મરણો આપણને યાદ જ નથી રહેતા. અને સતત એ વીતી ગયેલી એક ક્ષણને વાગોળી વાગોળીને આપણે જીવાડીએ છીએ.કારણ કે કોઈ પણ સંબંધ હોય જરૂર એટલી જ છે કે 'જો સંબંધ મહત્વનો હોય તો ભૂલ ભૂલી જવી અને ભૂલ મહત્વની હોય તો સંબંધ ભૂલી જવો.'કારણકે આજકાલ આપણી પાસે મોબાઈલમાં હજારો કોન્ટેકટ છે પણ જેને અણીના સમયે યાદ કરી શકાય એવો એક પણ સંબંધ નથી હોતો. ત્યારે 'આપણા જીવનમાં સંબંધો કેટલા છે એ મહત્વનું નથી રહેતું પણ સંબંધોમાં જીવન કેટલું છે એ ઘણું મહત્વનું છે.' એટલે સંબંધો ભલે ઓછા હોય પણ એ સંબંધો જીવનભર નિભાવી શકાય એવા હોય તો જીવન સુંદર બની જાય. એટલે દુઃખ, પીડા કે તકલીફનો તોડ શોધવો હોય તો એને જોવાનો મોડ બદલવો પડે. એટલે દ્રષ્ટિની ઝાંખપ ચાલે પણ દ્રષ્ટિકોણની નહિ. તો હવે કોઈ પણ તકલીફ, દર્દ કે પીડામાં અન્યને દોષ આપતા પહેલા આપણે તેના મૂળ કારણ સુધી પહોંચવાની કૌશિશ કરી, પહેલા પોતાનો દોષ કયાં છે એ શોધવા પ્રયત્ન કરીશું તો મોટા ભાગની તકલીફો ના તોડ મળી જશે .

## જાફરાબાદ પંથકનાં ૧૧ તાલુકાઓનાં પ્રવાસ દરમિયાન વ્યાપક સમર્થન

# લોકસભાનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાએ સામાન્ય વ્યકિતની સમસ્યાનાં નિરાકરણની ખાત્રી આપી



અમરેલી લોકસભા સિટનાં જાફરાબાદ તાલુકાના ગામડાઓમાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામડે ગામડે જઈને આગેવાનોની સાથે લોક સંપર્ક કર્યો હતો. ૧૪–અમરેલી લોકસભા સીટનાં ઉમેદવાર ભરત સુતરીયા અને લોકલાડીલા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જાફરાબાદ તાલુકાના વાઢેર, બાબરકોટ, વરાડ ગામ, ભાકોદર, લોઠપુર, લુણસાપૂર ચૈત્રા, વાઢ, મિતિયાળા, કડિયાળી, ધોળાદ્રી, દુધાળા સહિતના ગામડાઓમાં પ્રવાસો કરવામાં આવ્યા હતા ભરત સુતરીયાએ કહ્યું હતું કે તમારાં ગામને જે પણ જરૂરિયાત હશે તે હું અને તમારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સાથે મળીને પૂર્ણ કરશું. હું પણ એક ગામડામાંથી આવું છું મને ખબર છે ગામડાનું વ્યકિતને શું સમસ્યા હોય છે મોટા શહેરોમાંથી આવતા લોકોને ગામડામાં રહેતા લોકોની વ્યથાની ખબર નથી હોતી હું આપની જેમ જ નાનો માણસ છું તમારે શું સમસ્યા છે તે મને ખબર છે જેથી આવનારા સમયમાં તમારી દરેક સમસ્યાનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરી રાજય સરકારના કામો હશે તે ધારાસભ્યો સાથે મળીને અમે પૂરા કરશું અને કેન્દ્ર સરકારના જે કામો છે તે પણ અમે પૂર્ણ કરીશું દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેવાડાના ગામડાઓ સુધી નળ સે જળ, આવાસ યોજના જેવી વિવિધ યોજનાઓ પહોંચાડી છે ફરી એકવાર કમળ ખીલે તે માટે અમરેલી લોકસભામાં બેઠક પર પ્રચાર પ્રસારની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અબ કી બાર ૪૦૦ કે પારના સંકલ્પને સાર્થક કરવા માટે સમગ્ર ભાજપના ધારાસભ્યો, આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા અમરેલી લોકસભા સીટના ગામડાઓમાં લોકસંપર્ક શરૂ કર્યો છે. છેલ્લા બે દિવસથી ભાજપના લોકલાડીલા લોકસભાનાં ઉમેદવાર ભરત સુતરીયા અને રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી રાજુલા અને જાફરાબાદના ગામડાઓમાં સભાઓ ગજવી રહ્યા છે. ભરત સુતરીયાએ પણ સભા સંબોધતા જણાવ્યું હતું કે તમે જે મારા પર વિસ મૂકયો છે તે એળે નહિ જવા દવ જયારે પણ જરૂર પડશે તે સમયે તમારી સાથે હું ઊભો રહીશ તેવી લોકોને ખાતરી આપી હતી અને આગેવાનોએ પણ સાથ અને સહકાર આપીને કહ્યું હતું કે આપણે સૌ સાથે મળીને ભાજપનું કમળરૂપી પ્રતિક ભરત સુતરીયાને ચૂંટીને દિલ્હી મોકલવા માટેની ઝુંબેશ હાથ ધરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **વડિયા કોર્ટ દ્વારા તત્કાલીન પીએસઆઈ**

ફરિયાદ હતી. બાદમાં પોલીસના ડરના લીધે સગીરની સારવાર અમરેલી ખાતે કરાવતા ત્યાંના એસ.ઓ.જી.ના પી.આઈ. એમ.એ. મોરી દ્વારા ફરિયાદ નહીં કરવા ધમકાવી સારવાર થવા ના દેતા વધુ સારવાર અમદાવાદ ખાતે કરાવેલી. બાદમાં પોલીસના ભયના લીધે સગીર પુત્રના માતા દ્વારા ન્યાય મેળવવા સેશન્સ કોર્ટ અમરેલી ખાતે પોસ્ટ મારફત ફરિયાદ મોકલેલ હતી બાદ સદર ફરિયાદ હકૂમતવાળી વડીયા કોર્ટ મા ઈન્કવાયરી કેસ તરીકે ચાલેલ હતી.

ફરિયાદી તથા ભોગ બનનાર સગીર તરફે એડવોકેટ મેહુલભાઈ રાઠોડ રોકાયેલા હતા. જેમાં કોર્ટમાં ફરિયાદી તથા સાહેદોના સોગંદ પરના નિવેદનો, સારવારના સર્ટીઓ નોંધી વધુ પુરાવાઓ માટે ફરિયાદ પક્ષ દ્વારા સી.આર.પી.સી. કલમ ૯૧ અન્વયે બનાવ સમયે નિભાવેલ વડીયા પોલીસની સ્ટેશન ડાયરી, પોલીસ વાહનની લોગબુક તથા સી.સી.ટીવી રેકોર્ડિંગ મંગાવવામાં આવેલ હતા.

આમ તમામ પુરાવાઓ દલીલો ધ્યાને લઈ વડિયાના પ્રિન્સિપાલ કોર્ટના સિવિલ જજ દ્વારા ઈન્કવાયરી કેસના કામે આરોપીઓ વડીયાના તત્કાલીન (પી.એસ.આઈ) એ.ડી. સાંભડ તથા (કોન્સ્ટેબલ) દશરથસિંહ સરવૈયા તેમજ તે સમયના અમરેલી એસ.ઓ.જી.ના (પી.આઈ.) એમ.એ. મોરી વિરૂદ્ધમાં આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુન્હાના કામે ફોજદારી કેસ ચલાવવા પ્રોસેસ ઈસ્યુ કરવા તારીખ ૨૦/૪/૨૦૨૪ ના રોજ હુકમ થયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ખાંભા પંથકમાં ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરનાર**

બનનારને કહેતા ગયેલ હતા કે તુ કોઈને વાત કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવું કહીને જતા રહેલ હતા. ત્યારબાદ થોડા દિવસ પછી આ કામના ભોગ બનનાર ડંકી પાસે કપડા ધોવા ગયેલ ત્યારે ભોગ બનનારની એકલતાનો લાભ લઈ તેમની સાથે ફરી વખત બળજબરીપુર્વક શારિરીક સબંધ બાંધેલ અને ત્યારે પણ કોઈને કહીશ તો તેમના કુટુંબીઓને મારી નાખવાની ધમકી આપેલી. તેથી ડરના કારણે આ કામના ભોગ બનનારે આ બનાવની વાત તેમના માતા–પિતા કે કુટુંબીઓને જે તે સમયે કરેલ નહીં. પરંતુ ત્યારબાદ આ કામના ભોગ બનનારને ૩ મહિનાનો ગર્ભ રહેલ હોય જેથી ભોગ બનનારનું પેટ વધી જતા ઘરના સભ્યોને ખબર પડતા તે બાબતે પુછતા ભોગ બનનારે ના છુટકે આ બનાવની વાત તેમના માતા–પિતાને કરેલ હતી અને ત્યારબાદ ભોગ બનનાર તેમની માતા સાથે ખાંભા મુકામે જઈને શારિરીક તપાસ કરાવતા ભોગ બનનારને ૩ માસનો ગર્ભ છે તેવું સારવાર દરમિયાન ડોકટરે જણાવતા ભોગ બનનારે ખાંભા પોલીસ સ્ટેશનની અંદર આ કામના આરોપી કનુભાઈ મધુભાઈ નસીત વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૭૬(૨)(એન) તથા ૫૦૬(૨) વિગેરે મુજબની ફરીયાદ આપેલી. ત્યારબાદ ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ પોલીસે આ કામની તપાસ જીણવટપુર્વક કરીને આ કામના આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૭૬(૨)(એન) તથા ૫૦૬(૨) વિગેરે મુજબનું ચાર્જશીટ કરેલ હતું.

ત્યારબાદ ભોગ બનનારે તા. ૨૧/૯/૨૦૨૦ ના રોજ બાળકને જન્મ આપતા આ કામના તપાસ કરનારે ભોગ બનનાર તથા બાળક તથા આરોપીઓના બ્લડ સેમ્પલ લેવડાવી અને ગાંધીનગર મુકામે વૈજ્ઞાનિક પુરાવો મેળવવા માટે બ્લડ સેમ્પલ મોકલેલ હતા અને જે અંગેનો લેબોરેટરીનો રીપોર્ટ તા. ૫/૧૦/૨૦૨૦ ના રોજ મોકલવામાં આવેલો અને જેમાં નવજાતશીશુ (બાળક)નો જન્મ થયેલ તે બાળકનું ડીએનએ તથા આ કામના આરોપીના ડીએનએ મળતા આવતો હોવાનો રીપોર્ટ લેબોરેટરી તરફથી કરવામાં આવેલો.

આ કામે ચાર્જશીટ થયા પછી ધારીના એડીશનલ સેશન્સ જજ એમ.એન. શેખ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા ઘણા મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ. આ કામે ત્યારબાદ ટ્રાયલ શરૂ થતા ફરીયાદપક્ષ તરફથી ભોગ બનનાર તથા તેના પિતા તથા સગા સબંધીઓને તપાસવામાં આવેલ તથા ગાંધીનગર લેબોરેટરી તરફથી મોકલવામાં આવેલ ડીએનએ રીપોર્ટ પણ આ કામે ટ્રાયલ દરમિયાન રજુ કરવામાં આવેલ હતા. તેમજ આ કામે એફ.એસ.એલ. અધિકારી તથા ડોકટર તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની પણ ટ્રાયલ દરમિયાન લેવામાં આવેલ હતી.

તેમ છતા આ કામ ના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામના આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા એડવોકેટ વી.એ. વાળા તથા એડવોકેટ યુ.એચ. દેવાયતકા તથા એડવોકેટ એસ.બી. ભગત રોકાયેલ હતા. આમ આ કામ ના આરોપીને એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા વી.એ. વાળા ની દલીલોને ધ્યાને લઈ કોર્ટ ધ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ એડીશનલ સેશન્સ જજ એમ.એન. શેખ દ્વારા કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં તારવાડી વિસ્તારમાંથી**

તમંચો) સાથે મુનીરભાઈ અલીભાઈ ખુલાગી (ઉ.વ. ૪૦) રે. ખત્રીવાડની અટકાયત કરી તેમનાં કબ્જામાં રહેલ એક હજારની કિંમતનો દેશી તમંચો કબ્જે કરેલ છે.

આ કામગીરી અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલા તથા એએસઆઈ રમેશભાઈ એન. માલકિયા, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ લંગાળીયા, પોલીસ કોન્સ્ટેબલ ચિંતનકુમાર કનૈયાલાલ મારૂ, વનરાજભાઈ વલકુભાઈ માંજરીયા, અતુલભાઈ કાળુભાઈ માટીયા ધ્વારા કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં ૯૨૨૨ વ્યકિતઓ ઉપર**

છે. દેશી દારૂના કેસ–૫૦૨ નોંધી દારૂ ૨૬૦૬ લીટર તથા ઈગ્લીંશ દારૂના કુલ કેસ–૧૯ નોંધી બોટલ નંગ ૩૦૦૬ કુલ કિંમત રૂા. ૩૨,૬૯,૪૫૯ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. આ ઉપરાંત હથીયાર લાયસન્સ ધરાવતા વ્યકિતઓ પાસેથી કુલ ૯૫૫ હથીયાર જમાં લેવામાં આવેલ છે તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા કુલ–૬ હથીયાર તેમજ ૨ કાર્ટીજ કબ્જે કરવામાં આવેલ છે તેમજ એન.ડી.પી.એસ. એકટ હેઠળ માદક પદાર્થ ગાંજો ૧.૫૪૨ કિ.ગ્રા. કુલ કિંમત રૂપિયા ૨૦,૪૨૦ નો પકડવામાં આવેલ છે.

આ ઉપરાંત લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે અત્રેના જીલ્લામાં કુલ ૧૬ ચેકપોસ્ટ તથા કુલ ૨૨ એસએસટી ટીમ કાર્યરત કરવામાં આવેલ છે. આ ચેકપોસ્ટ/ એસ.એસ.ટી. ઉપર સ્થાનિક પોલીસ દ્વારા બહારના જીલ્લામાંથી આવતો ગેરકાયદેસર દારૂ, ડ્રગ્સ, રોકડ રકમ, કિંમતી ચિજ વસ્તુઓની હેરફેર અને ચૂંટણી પ્રકિયાને પ્રભાવિત કરી શકે તેને અટકાવવા સારૂ ૨૪×૭ રાઉન્ડ ધ કલોક વાહનોનું સઘન ચેકીંગ કરી આદર્શ આચાર સંહિતાનો ભંગ ન થાય તે બાબતની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહના માર્ગદર્શન તેમજ સુચના હેઠળ લોકસભા સામાન્ય ચૂંટણી ભયમુકત અને તટસ્થ રીતે યોજાય તે માટે અમરેલી જીલ્લા પોલીસ સતત પ્રયત્નશીલ અને કટ્ટીબધ્ધ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ધારીમાં પિતા–પુત્રની જોહુકમી સામે**

વ્યકિતએ પોલીસની ફરજમાં પણ રૂકાવટ કરીને બીજાનું જીવન ભયમાં મૂકી જાનહાની થાય તેમ બે ફીકરાઈથી વાહન ચલાવી, પોલીસે રોકવા છતાં કાર ઉભી રાખેલ નહી દને દબંગની જેમ પોલીસની "ઐસીતૈસી" કરી છટકી ગયેલો. પોલીસે તેમનો પીછો કરી રસ્તામાં તેમને દબોચી લઈ ચલાલા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરેલો.

વધુમાં જણાવેલ છે કે, જો આ વ્યકિત કાયદાના રક્ષકોની પણ ઐસીતૈસી કરતો હોઈ અને પોલીસ સામે પણ ગુંડાગીરી કરતો હોઈ તો આમ આદમીની કેવી દયનીય અવદશા થતી હશે તેની કલ્પના પણ ના થઈ શકે. આની સામે આમ જનતા ફરિયાદ નોંધાવતા ડરે છે, ફફડે છે, ગમે તેના ઉપર જીવલેણ હુમલાઓ કરે છે, તેને દારૂ જેવો નશો ચડતો નથી જેથી મેડીકલ ઉપર કોરેક્ષ જેવી નશાકારક દવા લેવા જતાં મેડીકલવાળ ાએ ન આપતા તેના ઉપર પણ જીવલેણ હુમલો કરેલો. આ વ્યકિત ઉપર ધારી પોલીસ સ્ટેશનમાં કેટલાય ગુન્હાઓ નોંધાયેલા છે.

વધુમાં જણાવેલ છે કે, અસામાજિક વ્યકિતને તાત્કાલિક પાસામાં પૂરી લોકોને તેના ત્રાસમાંથી મુકત કરવામાં આવે. ચૂંટણીનાં આ પવિત્ર ઉત્સવે જો આ વ્યકિતને પાસામાં મોકલવામાં નહિ આવે તો લોકો મતદાન કરવા જતાં પણ ફફડે છે. જેથી આ પિતા–પુત્રની તાત્કાલિક ધોરણે ધરપકડ કરી પાસા તળે જેલ હવાલે કરવામાં આવે જો તેમ નહિ કરવામાં આવે તો નાછુટકે મતદાન બહિષ્કાર કરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

### કેરીની આવક ૩,૫૫૬ કિવન્ટલ નોંધાઈ

## જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવક વધી

**હાલમાં માર્કેટિંગ યાર્ડના ભાવ પ્રમાણે એક બોક્સ કેરીના ૧,૫૦૦થી ૨,૦૦૦ રૂપિયા સુધીના ભાવ નોંધાઈ રહ્યા છે**

જૂનાગઢ, તા.૨૦

ગીર પંથકની કેસર કેરી અને ગીરનો કેસરીસિંહ બંને સમગ્ર દેશમાં પ્રખ્યાત છે. હાલમાં કેરીની સીઝન ચાલી રહી છે, ત્યારે કેસર કેરીના સ્વાદ રસીકો કેરીનો સ્વાદ ચાખવા માટે તલ પાપડ બન્યા છે. હાલમાં એપ્રિલ મહિનાથી ખાસ કેરીની આવક નોંધાઈ રહી છે, જેથી ૨ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધીમાં કેરીની આવક ૩,૫૫૬ કિવન્ટલ નોંધાઈ હતી. કેસર કેરીની અને અન્ય કેરીની સૌથી વધુ આવક ૧૮ એપ્રિલના રોજ ૧,૮૮૩ કિવન્ટલની આવક નોંધાઈ હતી, ત્યારે કેરીનો પ્રતિ મણનો ભાવ ૨,૬૦૦ રૂપિયા નોંધાયો હતો. કેસર કેરીની અને અન્ય કેરીની સરેરાશ આવક ૧૦૦થી ૫૦૦ કિવન્ટલ તેની પહેલાં નોંધાતી હતી. પરંતુ ૧૮ એપ્રિલે કેરીનો ૧,૮૮૩ કિવન્ટલ નોંધાઈ હતી. આ સાથે ૯ એપ્રિલે સૌથી ઊંચો ભાવ નોંધાયો હતો. ૯ એપ્રિલે એક કિવન્ટલ કેરીના ૪,૦૦૦ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. આ સાથે ૮ એપ્રિલે ૩,૬૦૦ રૂપિયા અને ૧૨ એપ્રિલે ૩,૮૦૦ રૂપિયા ભાવ નોંધાયા હતા.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર

હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૭૦ |
| ૩ | ચણા | ૧૧૯૦ | ૧૨૨૧ |
| ૪ | જીરૂ | ૩૯૫૦ | ૪૨૨૦ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૨૫ |
| ૬ | ધાણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૭ | મેથી | ૮૮૦ | ૯૫૧ |
| ૮ | જુવાર | ૬૫૦ | ૭૫૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૨૦૬ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૪૫૫ | ૧૫૭૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૪૦ | ૨૭૯૪ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૩૧૫૨ |
| ૬ | બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| ૭ | જુવાર | ૪૫૦ | ૮૨૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૪૪ | ૬૭૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૬ | ૬૨૦ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૬૦૫ |
| ૧૧ | અડદ | ૧૮૬૧ | ૧૮૬૧ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૩૨ |
| ૧૩ | તુવેર | ૧૪૧૦ | ૨૨૭૭ |
| ૧૪ | કપાસ | ૯૮૬ | ૧૪૮૩ |
| ૧૫ | એરંડા | ૧૦૨૫ | ૧૦૯૦ |
| ૧૬ | જીરૂ | ૨૪૦૦ | ૪૩૩૦ |
| ૧૭ | રાયડો | ૮૨૫ | ૯૪૦ |
| ૧૮ | રાય | ૯૦૦ | ૧૦૩૬ |
| ૧૯ | ધાણા | ૧૦૬૦ | ૧૭૦૦ |
| ૨૦ | ધાણી | ૧૨૩૦ | ૧૮૯૦ |
| ૨૧ | અજમા | ૨૧૨૦ | ૨૫૪૦ |
| ૨૨ | મેથી | ૮૦૦ | ૯૭૪ |
| ૨૩ | સોયાબીન | ૮૧૫ | ૮૯૪ |
| ૨૪ | મરચા લાંબા | ૬૭૦ | ૩૫૦૦ |
| ૨૫ | વરીયાળી | ૧૧૦૫ | ૧૪૬૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૫૧ | ૧૨૧૨ |
| ૨ | શીંગ મોટી | ૯૦૧ | ૧૨૬૩ |
| ૩ | તલ સફેદ | ૨૪૮૨ | ૨૭૩૦ |
| ૪ | જીરૂ | ૩૪૩૫ | ૪૬૦૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૪૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૬ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૭૩ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ૧૦ | ચણા | ૧૦૭૦ | ૧૨૩૫ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ૧૨ | તુવેર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૨૦ | ૧૦૮૫ |
| ૧૪ | મેથી | ૮૫૦ | ૧૦૪૦ |
| ૧૫ | રાય/રાયડો | ૯૦૦ | ૯૫૨ |
| ૧૬ | ધાણા | ૧૩૦૦ | ૧૬૦૫ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૮૩ |
| ૧૮ | મકાઈ | ૪૦૦ | – |
| ૧૯ | કળથી | ૧૨૦૦ | ૧૮૪૧ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૫૧ |
| ૨ | ચણા | ૯૨૫ | ૧૧૮૬ |
| ૩ | ધાણી | ૧૩૩૫ | ૧૩૩૫ |
| ૪ | ધાણા | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૩૨૫ | ૫૧૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૦૭ |
| ૭ | રાયડો | ૯૨૨ | ૯૨૨ |
| ૮ | મગફળી | ૧૦૪૦ | ૧૨૫૦ |
| ૯ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| ૧૦ | મેથી | ૮૮૦ | ૯૬૨ |
| ૧૧ | અડદ | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૧૨ | ચણા સફેદ | ૧૨૦૩ | ૧૫૬૦ |
| ૧૩ | લસણ | ૧૦૬૫ | ૧૫૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૭૨ | ૧૦૮૦ |
| ૧૫ | જીરૂ | ૨૦૦૦ | ૪૨૨૦ |
| ૧૬ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૫ | ૧૩૦૫ |
| ૨ | ઘઉં | ૩૭૫ | ૫૦૫ |
| ૩ | ચણા | ૧૧૫૦ | ૧૧૯૮ |
| ૪ | તુવેર | ૧૮૦૦ | ૨૦૧૫ |
| ૫ | મકાઈ | ૪૫૭ | ૪૫૭ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૨૫ | ૯૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૪૫૧ | ૨૬૦૦ |
| ૩ | તલ કાળા | ૨૪૫૧ | ૨૪૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૪ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૩૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૨ |
| ૭ | જુવાર | ૪૪૫ | ૮૫૦ |
| ૮ | મકાઈ | ૩૦૨ | ૩૦૨ |
| ૯ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૧ | ચણા | ૯૫૦ | ૧૧૯૦ |
| ૧૨ | એરંડી | ૯૫૦ | ૧૦૦૦ |
| ૧૩ | રાજગરો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૪૦ | ૮૪૦ |

# મહુવા પંથકમાં સંતો અને મતદારોનાં આશીર્વાદ મેળવતાં કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમર



અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા-ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેનઠુમ્મરેઆજેમહુવાતાલુકાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે હતા. આ પ્રવાસ દરમ્યાન તલગાજરડા ખાતે પૂ.મોરારીબાપુના દર્શનનો લ્હાવો તેમને મળ્યો હતો અને તેમણે જણાવ્યુ હતુ કે પૂ.મોરારીબાપુના આશિર્વાદ એક દિકરી તરીકે મેળવ્યા છે. પૂ.બાપુના આશીર્વાદ મેળવી અને મારામાં નવી ઉર્જાનો સંચાર થયો છે. સાથે સાથે આવનાર ભવિષ્યમાં લોક ઉપયોગી કાર્ય કરવાની મને તક મળે તો ક્યારેય પાછી પાની ન થાય તેવી મર્યાદાપુઢષોત્તમ ભગવાન શ્રી રામ પાસે પ્રાર્થના. આ તકે તેમણે મહુવા તાલુકાના વિકાસ માટે જણાવ્યુ કે મહુવાથીઅયોધ્યા,હરિદ્વારા,ચારધામ, અને કાશી વિશ્વનાથ મહાદેવ વારાણસીની ડાયરેકટ ટ્રેનો શરૂ થાય તેવી અમારી લાગણી અને માંગણી છે. સાથે સાથે અહીયા વિશાળ સંખ્યામાં યુવા ધન છે. તેઓને પુરતી રોજગારી મળતી નથી ત્યારે રેલ્વે અને ભારત સરકાર રેલ્વેના ડબ્બા અને એન્જીન સહિતની રેલ્વેને જોતી હજારો વસ્તુઓનું ઉત્પાદન શરૂ થાય તો મહુવા એદ્યોગિક નગરી બને અને લોકોને વધુમાં વધુ રોજગાર મળી શકે. આ ઉપરાંત મહુવા પંથકના ખેડૂતો ખૂબ મહેનતુ છે. ત્યારે ડુંગળી, કપાસ, મગફળી અને તેલીબિયા અને કઠોળ સહિતના પાક લેતા ખેડૂતોને દવા, બિયારણ, ખાતર માં જે જી.એસ.ટી. છે દૂર કરવો જોઈએ. અને ખેડૂતોને પોતાની ઉત્પાદીત વસ્તુઓના સારામાં સારા ભાવ મળવા જોઈએ. મહુવા તાલુકો ઐતિહાસીકદ્રષ્ટ્રીએ અને ધાર્મિક રીતે ખુબ મહત્વનો તાલુકો છે. ત્યારે અહીંયા પ્રવાસનના અનેક ધામો છે. ત્યારે ગોપનાથ મહાદેવ, માં ભવાની મંદિર મહુવા, ઉચા કોટડા માં ચામુંડા મંદિર, બગદાણા બજરંગદાસ બાપા, ભગુડા માં મોગલ અને તલગાજરડા પૂ.મોરારીબાપુનું સાનિધ્ય છે. તો આ વિસ્તારને પ્રવાસધામ તરીકે વિકસાવવામાં આવે તો લોકોને સારામાં સારી રોજગારી મળી શકે અને સાથે સાથે આ વિસ્તારનો પણ સર્વાંગી વિકાસ થાય લોકો બહાર થી મહુવા માં રોજગારી મેળ વવા આવે તેવી રીતે આપણે કાર્યરત બનવાનું છે. મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય, રસ્તા સહિતની માળખાકીય સુવિધાનો અભાવ છે. આ ઉપરાંત અહીંયા ઉચ્ચ શિક્ષણ માટે લોકોએ મહાનગરોમાં જવું પડે છે.ત્યારે આ વિસ્તારમાં સારી એન્જીન્યરીંગ, મેડીકલ, કૃષિ, મત્સ્ય ઉદ્યોગ,એરોનેટીક, જેવી કોલેજોની સ્થાપના થાય તે જરૂરી છે. આ તકે પૂર્વ ધારાસભ્ય અને આ વિસ્તારમાં સેવાનું સરનામું ગણાતા ડો. કનુભાઈ કળસરીયા પણ જેનીબેન સાથે પ્રવાસમાં જોડાયા હતા. તેમણે જણાવ્યુ હતુ કે લોકોનો સર્વાંગી વિકાસ કરવો હોય તો જલ, જમીન અને જંગલ જેવા કુદરતી સંશાધનોને બચાવવા પડશે ખેડૂતો વધુમાં વધુ સમૃધ્ધ થાય તો ખેડૂતો અને તેની સાથે કામ કરતા અનેક ક્ષેત્રો મજુરો, સમૃધ્ધ થઈ શકે તેમ છે. જેનીબેન ઠુમ્મર શિક્ષત ઉમેદવાર છે. અને વળી દિકરી છે. ત્યારે આ વિસ્તારની માતા-બહેનોએ સવિશેષ જેનીબેનને વિજય બનાવવા મતદાન કરવાનું છે અને કરાવવાનું છે. આ તકે જેનીબેન સાથ પ્રવાસમાં ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, રાજભાઈ મહેતા, મહુવા યુવક કોંગ્રેસ ના પ્રમુખ વિજયભાઈ બારૈયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરિયા, પુર્વ ભાવનગર જિલ્લા પંચાયત પ્રમુખ સંજયસિંહ સરવૈયા, અરવિંદ મામા, ભવદીપભાઈ ઝાઝડા, છગનભાઈ ફાઢકભાઈ,સહકારી આગેવાન મધુભાઈ બીપીનભાઈ જોશી નાજાભાઈ, પીડી મકવાણા, મનુભાઈ ચાવડા ,જયશ્રીબેન, ભોળાભાઈ સરપંચ, કનુભાઈ ગોહિલ, પરેશભાઈ જીંડા, મિલનભાઈ જોશી,માવજીભાઈ શિયાળ, કાંતિભાઈ ગોહિલ કનુભાઈ સરવૈયા બટુકભાઈ સરપંચ અશોકભાઈ જોડિયા યાકુભાઈ ચંદુભાઈ ચેહાણ મેહુલભાઈ મકવાણા જનકભાઈ સહિત વિશાળ સંખ્યામાં બહેનો પણ હોય જેનીબેન સાથે જોડાયા હતા.

### ૨૧ એપ્રિલ,વર્લ્ડ ક્રિએટીવીટી એન્ડ ઇનોવેશન ડે

## નવીનતા હોય કે સર્જનાત્મકતા ભારત દેશ અપાર પ્રતિભાઓ ધરાવે છેઃ સુનીતા વિલિયમ્સ

### કોઈપણ પીડાનો અંત સર્જન હોય છે

અમરેલી, તા. ૨૦

માનાં ગર્ભમાં પુરા નવ મહિના રહીને જયારે બાળક આ દુનિયામાં પ્રવેશ કરવા માટે પ્રયત્નશીલ હોય છે ત્યારે માતાને અતિશય પીડામાંથી પસાર થવું પડે છે, પરંતુ આ પીડા તેને દુનિયાનાં સર્વશ્રેષ્ઠ આનંદનો અનુભવ કરાવે છે. સર્જનાત્મકતા જ નવસર્જનનું કારણ છે અને નવસર્જન એ સર્જનાત્મકતાનું પરિણામ છે. જયારે પણ કોઈ કટોકટીની સમસ્યાઓ સર્જાય છે ત્યારે એમાંથી બહાર આવવા માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેમાંથી જ નવસર્જન થાય છે. કોરોના માટે ફક્ત એક વર્ષના ગાળામાં શોધાયેલ વેક્સીન તેનું ઉત્તમ ઉદાહરણ છે. હજુ સુધી એવા કેટલાય જીવલેણ રોગો છે જેની વેક્સીનો હજુ સુધી શોધાઈ નથી, પરંતુ કોરોના કામાં જયારે વિશ્વ વ્યાપી મહામારી સર્જાય હતી એ સમયે જલ્દીથી જલ્દી વેકસીનની શોધ થઈ ગઈ. પહેલાના સમયમાં માત્ર આર્ટસ અને સાયન્સના ક્ષેત્રોમાં જ સર્જનાત્મકતાની જરૂર પડતી હતી, પરંતુ વધતી જતી હરીફાઈના કારણે આજે દરેકે દરેક ક્ષેત્રમાં સર્જનાત્મકતાની આવશ્યકતા રહે છે. દેશમાં નીતિ આયોગનું મુખ્ય અટલ ઈનોવેશનમિશન સમગ્ર દેશમાં નવીનતા અને સાહસિકતાને સેથી વધારે પ્રોત્સાહન આપે છે. ૨૪ ફેબ્રુઆરી-૨૦૧૬ના દિવસે કેબિનેટ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અટલ ઈનોવેશન યોજનાને મંજૂરી આપી હતી.

સમગ્ર દેશમાં આ મિશન હેઠળ અટલ ટીંકરિંગ પ્રયોગશાળાથી જીજ્ઞાસા, સર્જનાત્મકતા અને યુવા માનસમાં કલ્પના શક્તિમાં વધારો થાય અને વિવિધ કુશળતા આવે તે હેતુથી મિશનનો આરંભ કરાયો હતો. મનોવૈજ્ઞાનિક દ્રષ્ટીએ જોઈએ તો વ્યક્તિની કૌટુંબિક પરિસ્થિતિ તેની સર્જનાત્મકતાની ખીલવણી પણ અસર કરે છે.

જે કુટુંબોમાં બાળકોને અભિવ્યક્તિ માટેનો અવકાશ વધુ હોય, બાળકો પર શું કરવું અને શું ન કરવું ના દબાણો ઓછા હોય તેવા બાળકો વધુ સર્જનશીલ હોય છે. આ બાબત શાળાને પણ લાગુ પડે છે. વધુ પડતું શિસ્તસભર વાતાવરણ બાળકની મૌલિકતા અને લવચિકતાને કુંઠિત કરે છે. કુટુંબ અને શાળામાં મૌલિક અભિવ્યક્તિ માટેનું પ્રોત્સાહન જેટલું વધારે તેટલી સર્જનાત્મકતા વધુ ખીલે છે. ડૉ. રાધાકૃષ્ણન કહે છે, દરેક વ્યકિત સ્વાભાવે જ સર્જનશીલ હોય છે. બાળક નાનું હોય ત્યારે તેના પર શું કરવું શું ન કરવું ના દબાણો પ્રમાણમાં ઓછા હોય છે. આથી જ તે કોઈ નવી દિશામાં વિચારી શકે છે તેમને ઘણી વખત સર્જનશીલ પ્રતિચારો આપતાંજોયા હશે. દા.ત. મીલના ભૂંગળામાંથી નીકળતો ધૂમાડો જોઈ તે કહેશે કે આ તો વાદળ બનાવવાની ફેકટરી છે અને જેમ-જેમ ઉંમર વધતી જાય તેમ-તેમ આવું અસંગત બોલાય? હું આમ કરીશ/બોલીશ/ બનાવીશ તો બીજા શું કહેશે? જેવા વિચારે આપણને અન્યના સ્વીકારની સાપેક્ષે યોગ્ય હોય તેવી અભિવ્યક્તિઓ કરવા પ્રેરે છે. આમ, જેમ-જેમ ઉંમર વધતી જાય તેમ-તેમાં સર્જનાત્મકતા સામાન્ય રીતે ઘટતી જાય છે. (આનાથી મોટાનું ચિન) કોઈ પણ પીડાનો અંત સર્જન હોય છે.નવીનતા હોય કે સર્જનાત્મકતા ભારત દેશ અપાર પ્રતિભાઓ ધરાવે છેઃ સુનીતા વિલિયમ્સ.



## બાબરકોટ ખાતે રાષ્ટ્રીય મેલેરીયા દિવસની ઉજવણી



જાફરાબાદપતા. ૨૦

અમરેલી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ જોશી, ડો. આર કે જાટ, ડો. એ. કે. સિંગ, ડો. સાલવી તેમજ તાલુકા હેલ્થ ઓફીસર ડો. એમ.બી. ટાંકના માગદર્શન નીચે બાબરકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો. દક્ષાબેન મેવાડા, ડો. આઈ. જે. મોરી સુપરવાઈઝર હિતેશભાઈના માર્ગદર્શન નીચે પ્રાથમિક કેન્દ્રના તમામ ગામોમા સીએસઓ, એમપીએસ ડબલ્યુ, એફએસડબલ્યુ તથા આશાબેન દ્વારા રાષ્ટ્રીય મલેરીયાદિવસ અંતર્ગત ઘણી પ્રવૃતિઓ કરવામાં આવેલ જેમાં હોમ ટૂ હોમ સર્વે, ડિસ્કાર્ડ કન્ટેનર. આઈ ઈ શી. પ્રાથમિક શાળાના બાળકોને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ વિશે સમજાવેલ. આ પ્રસંગે સીએસઓ, એલટી, એમપીએસ ડબલ્યુ, એફએસ ડબલ્યુ,આરબીએસકે, આશાબેનો તથા તમામ કામગીરી તાલુકા સુપરવાઈજર રાજયગુરૂભાઈ માર્ગદર્શન નીચે કરવામાં આવી.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાહુલ ગાંધી પર કટાક્ષ

# જે રીતે રાહુલ ગાંધીએ અમેઠી છોડ્યું, એમ વાયનાડ પણ છોડશે

### આ લોકો ગમે તેટલા દાવા કરે પરંતુ સત્ય એ છે કે કોંગ્રેસના નેતાઓએ ચૂંટણીની જાહેરાત પહેલા જ હાર સ્વીકારી લીધી છે : વડાપ્રધાન મોદી

મુંબઈ, તા.૨૦

લોકસભા ચૂંટણીને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહારાષ્ટ્રના નાંદેડમાં એક જાહેરસભા સંબોધી હતી. આ દરમ્યાનઁ વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસના રાજકુમાર વાયનાડથી પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જેમ એમને અમેઠીથી ભાગવું પડ્યું હતું તેમ વાયનાડ પણ છોડવું પડશે. કોંગ્રેસ નેતા રાહુલ આ વર્ષે કેરળની વાયનાડ બેઠક પરથી લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. ૨૦૧૯માં તેઓ કોંગ્રેસનો ગઢ ગણાતી ઉત્તર પ્રદેશની અમેઠી બેઠક પરથી ચૂંટણી હારી ગયા હતા. તેમને ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ હરાવ્યા હતા. મહારાષ્ટ્રના નાંદેડમાં લોકોને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ગઈકાલે દેશમાં પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે. હું મતદાન કરનારા તમામ લોકોને અભિનંદન આપું છું, ખાસ કરીને જેમણે પ્રથમ વખત મતદાન કર્યું છે. તેમણે કહ્યું કે, મતદાન બાદ બૂથ લેવલ સુધી વિવિધ લોકો દ્વારા કરવામાં આવેલ વિશ્લેષણ અને જે માહિતી મળી રહી છે. આ માન્યતાને સમર્થન આપે છે કે, પ્રથમ તબક્કામાં NDAની તરફેણમાં એકતરફી મતદાન થયું હતું. વિપક્ષ દ્વારા રચાયેલા INDIA એલાયન્સ પર નિશાન સાધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, મતદાતાઓ એ પણ જોઈ રહ્યા છે કે કેવી રીતે INDIA ગઠબંધનના લોકો પોતાના ભ્રષ્ટાચારને બચાવવા પોતાના સ્વાર્થ માટે એકઠા થયા છે. તેથી સમાચાર એ છે કે પ્રથમ તબક્કામાં મતદારોએ INDIA એલાયન્સને સંપૂર્ણપણે નકારી કાઢ્યું છે. લોકોને સંબોધતા વડાપ્રધા મોદીએએ કહ્યું કે, આ લોકો ગમે તેટલા દાવા કરે પરંતુ સત્ય એ છે કે કોંગ્રેસના નેતાઓએ ચૂંટણીની જાહેરાત પહેલા જ હાર સ્વીકારી લીધી છે. તેથી જ કેટલાક નેતાઓ લોકસભામાં સતત જીતતા હતા. આ વખતે તેઓ રાજ્યસભાના માર્ગે પ્રવેશીને બેઠા છે. PM સોનિયા ગાંધીનો ઉલ્લેખ કરી રહ્યા હતા જે આ વખતે રાયબરેલીથી ચૂંટણી લડ્યા નથી અને તેઓ રાજસ્થાનથી રાજ્યસભા પહોંચ્યા છે. વિપક્ષ પર નિશાન સાધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સ્થિતિ એવી છે કે INDIA ગઠબંધનના લોકોને આ ચૂંટણીમાં લડવા માટે ઉમેદવારો નથી મળી રહ્યા. તેમના નેતાઓ મોટાભાગની બેઠકો પર પ્રચાર કરવા જતા નથી. તેમણે કહ્યું કે, આ કોંગ્રેસી પરિવાર પોતે આઝાદી પછી પહેલીવાર કોંગ્રેસને વોટ નહીં આપે, કારણ કે તેઓ જ્યાં રહે છે ત્યાં કોંગ્રેસના ઉમેદવાર નથી. જે પરિવાર પર કોંગ્રેસ ચાલે છે તે પરિવાર કોંગ્રેસને મત આપી શકશે નહીં. રાહુલ ગાંધીનું નામ લીધા વિના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોંગ્રેસના રાજકુમાર પણ વાયનાડમાં મુશ્કેલી જોઈ રહ્યા છે. જેમ તેઓ અમેઠીથી ભાગ્યા હતા તેવી જ રીતે તેઓ વાયનાડ પણ છોડી દેશે. શહજાદે અને તેનું જૂથ વાયનાડમાં ૨૬મી એપ્રિલે મતદાનની રાહ જોઈ રહ્યું છે. ૨૬મી એપ્રિલે મતદાન પૂર્ણ થતાંની સાથે જ તેઓ રાજકુમાર માટે બીજી અનામત બેઠક જાહેર કરશે.


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

‘ઈસ્કૂલી લાઈવ બુક’ દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ ‘ઈસ્કૂલી’ ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો


શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેક્ટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફ્લાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in

## લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે જિલ્લા પોલીસની કામગીરી

# અમરેલી જિલ્લામાં ૯૨૨૨ વ્યકિતઓ ઉપર અટકાયતી પગલા

**સીઆરપીસી કલમ ૧૦૭/૧૧૬ મુજબ ૩૩૮૧, કલમ ૧૦૮ મુજબ ૧૪ અને કલમ ૧૦૯ મુજબ ૪૬૫ વ્યકિત સામે કાર્યવાહી**

**સૌથી વધુ સીઆરપીસી કલમ-૧૦૦ મુજબ કુલ ૪૮૨૨ શખ્સો સામે કાર્યવાહી કરાઈ**

**૧૦૪૩ માથાભારે ઈસમો વિરૂધ્ધ પાસા અને હદપારની દરખાસ્ત કરવામાં આવી**

**પોલીસ અધિક્ષક હિમકરસિંહનાં માર્ગદર્શન હેઠળ જુદા-જુદા પોલીસ સ્ટેશન દ્વારા કાર્યવાહી**



અમરેલી, તા. ૨૦

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા આગામી લોકસભા સામાન્ય ચૂંટણી જાહેર થયેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપુર્ણ નિયંત્રણમાં રહે તથા મતદારો ભયમુકત અને તટસ્થ રીતે મતદાન કરી શકે તે હેતુથી અસુરક્ષિત મતદારોને થતી પરેશાની અટકાવવા અને અસુરક્ષીતતા ઉભી કરતા માથાભારે વ્યકિતઓ તથા અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા ૯૨૨૨ વ્યકિતઓ ઉપર સી.આર.પી.સી. કલમો મુજબ અટકાયતી પગલા લેવામાં આવેલ છે.

જેમાં સી.આર.પી.સી. કલમ-૧૦૭/૧૧૬ મુજબ કુલ ૩૩૮૧ શખ્શો સામે સી.આર.પી.સી. કલમ-૧૦૮ મુજબ કુલ ૧૪ શખ્શો સામે, સી.આર.પી.સી. કલમ-૧૦૯ મુજબ કુલ ૪૬૫ શખ્શો સામે, સી.આર.પી.સી. કલમ-૧૧૦ મુજબ કુલ ૪૮૨૨ શખ્શો સામે, સી.આર.પી.સી. કલમ ૧૫૧ મુજબ કુલ ૫૪૦ શખ્શો સામે તેમજ ૧૦૪૩ માથાભારે ઈસમો વિરૂધ્ધ પાસા તથા હદપારની દરખાસ્ત તેમજ પ્રોહિ-૯૩ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

અત્યાર સુધીમાં પાસા-૬૩, હદપાર-૨૦૦, પ્રોહિ-૯૩ મુજબ-૭૮૦ તેમજ દારૂની અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલા વ્યકિતઓ ઉપર અવાર નવાર રેઈડો કરી દેશીદારૂ તથા ઈંગ્લીશદારૂના કેસો અંગે અસરકારક કામગીરી કરવામાં આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી સિટી પોલીસનો સપાટો

# અમરેલીનાં તારવાડી વિસ્તારમાંથી દેશી તમંચા સાથે એક ઈસમની અટકાયત

**સીટી પીઆઈ ડી.કે. વાઘેલા અને તેમની ટીમની કામગીરી**



અમરેલી, તા. ૨૦

અમરેલીનાં પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી સિટી પીઆઈ ડી.કે. વાઘેલા અને તેમની ટીમે તારવાડી વિસ્તારમાંથી અગ્નિશસ્ત્ર (દેશી

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારી ખાતે આવેલ એડિશ્નલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં

# ખાંભા પંથકમાં ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરનાર આરોપી એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોનાં આધારે નિર્દોષ જાહેર

**ભોગ બનનારે જન્મ આપેલ બાળકનો અને આરોપીનો DNA ટેસ્ટ પણ થયો હતો**





અમરેલી, તા. ૨૦

ખાંભા પંથકમાં ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરનાર આરોપી સામેનો કેસ ચાલી જતાં ધારીનાં એડિશ્નલ સેશન્સ જજ એમ.એન. શેખ દ્વારા આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, આ કામના બનાવની ફરિયાદ તા. ૧૭/૬/૨૦૨૦ના રોજ આ કામના ભોગ બનનારે ખાંભા પોલીસ સ્ટેશનમાં આપેલી હતી. તે ફરીયાદની વિગતે જોવામાં આવે તો આ કામના ભોગ બનનાર સાથે આશરે પાંચેક મહિના પહેલા સવારના નવેક વાગ્યે તેઓ તેમના ઘર પાસે આવેલ નેરડા પાસે ડંકીએ કપડા ધોવા ગયેલ હતા અને ત્યારે તેઓ એકલા હતા. તે વખતે તેમના ગામના અને તેમના પાડોશી આ કામના આરોપી કનુભાઈ મધુભાઈ નસીત નીકળેલ હતા અને ભોગ બનનારને એકલા જોઈને કનુભાઈએ ભોગ બનનારનું બાવડુ જબરજસ્તીથી પકડી નેરડામાં ઢસડીને લઈ જઈ તેમના કપડા કાઢી બળજબરીથી તેમની સાથે શારિરીક સંભોગ કરી તેમના ઘરે જતા રહેલ હતા અને જતા જતા ભોગ

અનુસંધાન પાના ૬ ઉપર

## સગીરને માર મારવાનાં કિસ્સામાં

# વડિયા કોર્ટ દ્વારા તત્કાલીન પીએસઆઈ, એસઓજી પીઆઈ અને એક પોલીસકર્મી સામે ફોજદારી કેસ ચલાવવા આદેશ

**ભોગ બનનાર તરફે એડવોકેટ મેહુલભાઈ રાઠોડ રોકાયેલ**

વડિયા, તા. ૨૦

વડિયામાં સગીરને માર મારવાનાં કિસ્સામાં તત્કાલીન પી.એસ.આઈ., કોન્સ્ટેબલ તથા એસ.ઓ.જી.ના પી.આઈ. સામે ફોજદારી કેસ ચલાવવા કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ગત તારીખ ૨૩/૫/૨૦૨૧ના રોજ રાત્રીના નવ કલાકે વડીયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.ડી. સાંભડ તથા કોન્સ્ટેબલ દશરથસિંહ સરવૈયા ફરિયાદી બહેનના ઘરે સર્ચ વોરંટ વિના ઘર વેરવિખેર કરી તેમના સગીર પુત્રને દારૂના ગુન્હાના નામ હોય હાજર રહેવા કહેલ.

ત્યારબાદ તારીખ ૨૪/૫/૨૦૨૧ ના રોજ સાંજે સગીરને વડીયા પોલીસ સ્ટેશનના રૂમમાં બંધ કરી પટ્ટા વડે માર મારી ધમકી આપવાની

અનુસંધાન પાના ૬ ઉપર

## સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટનાં હુકમનાં આધારે કાર્યવાહી

# રાજુલા : રામપરા-૨ ગામે ગુન્હાઓ આચરનાર ઈસમને હદપાર કરાયો

**પિપાવાવ મરીન પોલીસ દ્વારા હદપારની કરાઈ કાર્યવાહી**



રાજુલા, તા. ૨૦

પીપાવાવ મરીન પો.સ્ટે. ના પોલીસ સબ ઈન્સપેકટર પી.બી. લક્કડ રામપરા-૨ ગામે ગુનાઓ આચરતા ઈસમ હરસુરભાઈ સાદુળ ભાઈ વાઘ ઉ.વ.૩૯, રહે.રામપરા-૨ તા. રાજુલા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, હદપારની દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, રાજુલા તરફ મોકલી આપેલ.

આવા ગુન્હાહિત પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ હદપારનો હુકમ કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ તથા સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય ની સુચના મુજબ પીપાવાવ મરીન પો.સ્ટે.ના પોલીસ સબ ઈન્સપેકટર પી.બી. લક્કડ તથા પીપાવાવ મરીન ટીમે ઉપ્રોકત ઈસમને અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લા બહાર હદપાર કરવાની કાર્યવાહી કરેલ છે.

## જીનપરાનાં કાદર અલારખભાઈ વિરૂધ્ધ કાર્યવાહી

# બગસરાનાં હડાળા ચોકડી નજીકથી ૪ પાડાની ગેરકાયદેસર રીતે થતી હેરફેર ઝડપાઈ

**પોલીસે રિક્ષા સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૨૦

બગસરાના નવા જીનપરામાં રહેતા કાદર અલારખભાઈ કાળવાતરે પોતાના હવાલાવાળી લીલા કલરની ભારરિક્ષામાં ભેંસવંશ પાડા જીવ નંગ-૪ કિંમત રૂપિયા ૧૨,૦૦૦ની દોરીથી ખીચોખીચ હલન-ચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રુરતાપુર્વક બાંધીને (ગોંધી) રાખી કતલ કરવાના ઈરાદે જુના વાઘણીયા ગામના દિનેશભાઈ રઘુભાઈ ચારોલા પાસેથી લઈ તા. ૧૯ ના રાત્રે ૧૧/૪૫ વાગ્યે હડાળા ચોકડી (બગસરા) પાસેથી નીકળતા પોલીસે રીક્ષા સહિત ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## આકરી ગરમીમાં સામાન્ય બાબતે બઘડાટી


# લીલીયાનાં અંટાળીયાનો યુવક ફ્રૂટ ખરીદવા ગયો અને થઈ માથાકૂટ

**પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૦

લીલીયા તાલુકાના અંટાળીયા ગામે આવેલ મહાદેવ ગૌશાળામાં રહેતા જગાભાઈ હીરાભાઈ ચોટીયા નામનાં ૩૦ વર્ષિય પશુપાલક યુવક તા. ૧૯ના સવારના આશરે સાડા નવેક વાગ્યે નાવલી બજારમાં ચીકુ લેવાં ગયેલાં ત્યારે ત્યાં ફ્રુટનો વેપાર કરતા મોહિનભાઈ સૈયદહુસેન કાદરી સાથે ચીકુના વજન બાબતે બોલાચાલી થતા ફ્રુટનો વેપાર કરતાં આરોપીએ ડાબા પડખાના ભાગે તથા ખભાના ભાગે છરી વડે ચરખા પાડી સામાન્ય ઈજા કરી તથા લોખંડનો પાઈપ લઈ પશુપાલક યુવકને મારવા ઉગામી જેમ ફાવે તેમ ઢીકાપાટુનો માર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પશુપાલક યુવકે બે સામે ફરિયાદ નોંધાવેલ છે.

આ બનાવમાં સામા પક્ષે મોહિનભાઈ સૈયદહુસેન કાદરીએ પણ સામાવાળા જગાભાઈ હિરાભાઈ સોટીયા તથા હિરાભાઈ પુનાભાઈ સોટીયા સામે ગાળો આપ્યાની તથા જેમ ફાવે તેમ ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)